Monday
19.05.2025
✳Volume :9 ✳ Issue No.305
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

અમદાવાદ ખાતે 'ગુજરાત સહકારી મહાસંમેલન-૨૦૨૫'નો શુભારંભ કરાવતા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ

વર્ષ-૨૦૨૯ સુધીમાં દેશભરમાં PACS રજિસ્ટર કરી બે લાખ જેટલી નવીન પ્રાથમિક સહકારી મંડળીઓ અને ડેરીઓ શરૂ કરાશેઃ મંત્રીશ્રી અમિતભાઈ

સહકારથી સમૃદ્ધિ અને વિકસિત ભારતમાં સહકારની ભૂમિકા સૂત્રને સાર્થક કરવા ગામડાની પ્રાથમિક સહકારી મંડળીઓને મજબૂત બનાવીએ :કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી

કમલમ્,

અમદાવાદ ખાતેકેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્ય સહકારી સંઘદ્વારા સહકારી મહાસંમેલન-૨૦૨૫યોજાયું હતું. જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાહતા. આ તકે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વર્ષ- ૨૦૨૫ની આંતરરાષ્ટ્રીય સહકારિતાવર્ષ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે આજે પણ સહકાર ક્ષેત્ર વર્ષ ૧૯૦૦માંહતું, એટલું જ પ્રાસંગિક છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સહકારી ચળવળને પુનર્જીવિત કરવાનો સમય આવ્યો છે, ત્યારે 'સહકારથી સમૃદ્ધિ' અને 'વિકસિત ભારતમાં સહકારની ભૂમિકા' સૂત્રને સાર્થક કરવા ગામડાની પ્રાથમિક સહકારી મંડળીઓને મજબૂતબનાવવીઆવશ્યકછે. આ માટે સહકારી માળખાનો વ્યાપ વધારવા પર ભાર મૂકતાંતેમણે કહ્યું કે સહકારી ક્ષેત્રમાં જે પરિવર્તનો આવ્યાં છે તેને ગામડાઓ અને ખેડૂતો સુધી પહોંચાડવા સહકાર પ્રશિક્ષણ અને પારદર્શકતા જરૂરી છે. કેન્દ્રીય સહકાર મંત્રીશ્રીએ 'સાયન્સ ઓફ કો-ઓપરેશન અને સાયન્સ ઈન કો-ઓપરેશન' પર ભાર મૂકતાં જણાવ્યું કે આઝાદી સમયે શરૂ થયેલા સહકારી આંદોલનનો વિકાસ થશે, દરેક રાજ્યમાં પ્રાથમિક સહકારી મંડળીઓ મજબૂત બનશે, તો ગ્રામ્ય, જિલ્લા અને રાજ્યનું સહકારી માળખું પણ મજબૂત બનશે. તેમણે ત્રિસ્તરીય સહકારી માળખાના બદલે ચાર સ્તરીય સહકારી માળખાની વાત કરી, રાષ્ટ્રીય કક્ષાએ પણ સહકારી માળખાને મજબૂત બનાવવા જણાવ્યું હતું. સહકારિતાને શાસન હિસ્સો બનાવી પારદર્શકતા અને પ્રામાણિકતા સાથે આગળ વધવા તેમણે અનુરોધ કર્યો હતો. શ્રી અમિતભાઈએ કહ્યું કે સહકારિતામાં સહકાર એટલે કે દરેક ગામની સહકારી મંડળીનું એકાઉન્ટ સહકારી બેંકમાં હોય તે જરૂરી છે. પંચમહાલ અને બનાસકાંઠા જિલ્લામાંઆ દિશામાં ખૂબ સરસ કામ થયું હોવાનું જણાવી તેમણે ડેરી, એપીએમસી, સહકારી મંડળીઓનાં ખાતા જિલ્લાની સહકારીબેંકોમાં ખોલાવી સહકારીપ્રવૃત્તિઓને બળપૂરું પાડી એ દિશામાં આગળ વધવા પર તેમણેભાર મૂક્યોહતો. ગુજરાતમાં શ્રી ત્રિભોવનભાઈ પટેલના નામથી સહકાર યુનિવર્સિટીની શરૂઆત કરવામાં આવી છે, જેનાથી સહકારીશિક્ષણ ક્ષેત્રે ગુજરાત લીડ લેશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. સહકારી માળખાને મજબૂત બનાવવાની વાત કરતાં તેમણે જણાવ્યું કે વર્ષ-૨૦૨૯ સુધીમાં દરેક ગ્રામ પંચાયત વિસ્તારમાં PACS રજિસ્ટર કરી બે લાખ જેટલી પ્રાથમિક સહકારી મંડળીઓ શરૂ કરવાનું આયોજન છે. એટલું જ નહીં, આ મંડળીઓ બીમાર ન પડે એટલે તેના વિકાસ માટેની નીતિ પણ ઘડવામાં આવશે. આ પ્રાથમિક સહકારી મંડળીઓ પ્રાકૃતિક ખેતીની સમજ પણ આપશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સહકારી મહાસંમેલનમાં ગૌરવપૂર્વક જણાવ્યું હતું કે 'ઓપરેશન સિંદૂર' દ્વારા ભારતીય સેનાએ પોતાના શૌર્યપરાક્રમથી તિરંગાની શાન વધારી છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેનાથી લઈને સહકાર સુધી નાનામાં નાના લોકોને સાથે રાખીને ચાલવાની પરંપરા શરૂ કરાવી છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં 'ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ'ની સ્થાપના કરવામાં આવી. આ ઉપરાંત, અલાયદા સહકાર મંત્રાલયની શરૂઆત પણ તેમના નેતૃત્વમાં જ કરવામાં આવી છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે દેશના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે દેશની આંતરિક સુરક્ષા સલામતિની સાથે સાથે સહકારના માધ્યમથી છેવાડાના લોકોની ચિંતા પણ કરી છે. તેમના નેતૃત્વમાં સહકાર ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યું છે, જેની અનુભૂતિના આપસૌ સાક્ષીછો તેમ તેમણે કહ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે રાજ્યમાં ૮૯ હજારથી વધુ સહકારી સંસ્થાઓસાથે ૧.૭૦ કરોડ જેટલા સભાસદો સહકારી માળખાસાથે સંકળાયેલાછે. તેમણે કહ્યું કે આઝાદીનાં ૭૫ વર્ષ પછી દેશને પ્રથમ સહકાર યુનિવર્સિટીની ભેટ મળી છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્રને ચરિતાર્થ કરી, વિકસિત ભારત @2047ના સંકલ્પને સાકાર કરવા સાથે મળીને આગળ વધવા અનુરોધ કર્યો હતો. આ માટે વિકસિત ભારતની સંકલ્પનાને સાકાર કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેચ ધ રેઈન, એક પેડ માકે નામ, પ્રાકૃતિક ખેતી, લોકલ ફોર વોકલ, સ્વચ્છતા, સ્વસ્થ જીવન, દેશદર્શન, પાણી બચાવો, યોગ અને ખેલકૂદનું જીવનમાં સ્થાન, ગરીબોનેસહાય-એવા નવ સંકલ્પ આપ્યા છે. જેને પરસ્પર સહકાર, સંગઠન અને શક્તિથી ચરિતાર્થ કરવા મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિતોને આહ્વાન કર્યું હતું.

સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માઃ આ તકે ઉપસ્થિત સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું કે આઝાદીનાં ૭૫ વર્ષ બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં અલાયદુ સહકાર મંત્રાલય શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે રાજ્યમાં પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગામડાંનો છેવાડાનો માણસ પણ ગૌરવભેર જીવન જીવી શકે તે માટે રાજ્ય સરકાર સતતકાર્યરત છે. તેમણે કહ્યું કે સરદાર પટેલ જેવા આગેવાનોના નેતૃત્વમાંગુજરાતમાં સહકારિતાનો પાયો નખાયો છે, ત્યારે ગ્રામીણ સહકારી મંડળીઓના માધ્યમથી રાજ્યના પ્રત્યેક ખેડૂતને સહકારની આ ઝૂંબેશ સાથે જોડવા તેમણે આહ્વાન કર્યુ હતું અને દેશના સહકારી માળખામાંપણ ગુજરાતને મોડલસ્ટેટ બનાવવાઅનુરોધ કર્યો હતો.

શ્રી ઘનશ્યામ અમીન, અધ્યક્ષ, ગુજરાત સહકારી સંઘઃ ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ અમીને કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'સહકારથી સમૃદ્ધિ'ના સૂત્રને ચરિતાર્થ કરતાં દેશના સૌ પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે સહકાર ક્ષેત્રે રહેલી ઊણપો દૂર કરીને રાષ્ટ્રીય સ્તરે સહકાર નીતિનું ગઠન કર્યું. તેમનાજ પ્રયત્નોથી રાષ્ટ્રીય કક્ષાની વિવિધ સંસ્થાઓની રચના થકી ખેડૂતોને સીધો લાભ મળે, તેવું આયોજન થયું છે. જેના લીધે આજના સ્પર્ધાત્મક વાતાવરણમાં સહકારી મંડળીઓ-PACS પણ હવે પરંપરાગત કામગીરીથી આગળ વધીને પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રો, પેટ્રોલ પંપ જેવા વ્યવસાયો કરતીથઈ છે. જેનો સીધો લાભ મંડળીઓના સભાસદોને-ખેડૂતોને મળતો થયો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી ચંદ્રપાલસિંહ યાદવ, ચેરમેન, આઈસીએઃ આ પ્રસંગે આઈસીએ (એશિયા-પેસિફિક)ના ચેરમેન શ્રી ચંદ્રપાલસિંહ યાદવે જણાવ્યું કે જ્યારથીદેશમાં સહકાર મંત્રાલયનું ગઠન થયું, ત્યારથી સહકારી સંસ્થાઓને એક નવી તાકાત અને દિશા મળી છે. જેના લીધે લોકોનો સહકારી ક્ષેત્ર તરફ વિશ્વાસ પણ વધ્યો છે. વધુમાં, ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના સશક્તનિર્ણયોથી સહકારી સંસ્થાઓ આગળ વધી રહી છે. જેના થકી છેવાડાના લોકોનો પણ સહકારના માધ્યમથી વિકાસ થઈ રહ્યો છે. આ મહાસંમેલનમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં સહકાર ક્ષેત્રે થયેલા વિવિધ સીમાચિન્હ રૂપ પ્રકલ્પોથી પણ રાજ્યની સહકારી સંસ્થાઓને માહિતગાર કરવામાંઆવ્યા હતા. આ તકે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સહકારી ક્ષેત્રની માર્ગદર્શિકા રૂપ 'સહકાર સંકલ્પ' પુસ્તકનું વિમોચનપણ કરવામાંઆવ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં રાજ્ય ભરની વિવિધ સહકારી સંસ્થાઓને સહભાગી બનાવવાના ઉદ્દેશથી ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત આ સહકારી મહાસંમેલનમાં ગ્રામ્ય, તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાની વિવિધ સહકારી સંસ્થાઓના આશરે ૪૫૦૦થી વધુ સહકારી આગેવાનો, પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મહાસંમેલનમાં નાફેડના ચેરમેન અને વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી જેઠાભાઈ ભરવાડ, જીએસસી બેંકના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ, ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના ચેરમેન શ્રી શામળભાઈ પટેલ, રાજ્યસભા સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, સહકારીઅગ્રણીઓશ્રી ઢેલરરાય કોટેચા, શ્રી બિપીનભાઈપટેલ, શ્રી જયેશભાઈ રાદડીયા, શ્રી અરૂણસિંહ રાણા, પૂર્વ મંત્રી શ્રી ભૂપેન્દ્ર સિંહ ચુડાસમા, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, આગેવાનો અને રાજ્યભરમાંથી આવેલા સહકારી પ્રતિનિધિઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઓપરેશન સિંદૂર અંતર્ગત આતંકીઓના સફાયા ઉપરાંત પાકિસ્તાનને ઉઘાડું પાડવાનું પણ મોટું કામ થયું : કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ



કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગર લોકસભાના સાંસદ શ્રી અમિત શાહે પલ્લવ બ્રિજના લોકાર્પણ સહિત અમદાવાદ મહાનગરપાલિકા તેમજ ગાંધીનગર લોકસભા વિસ્તારમાં અંદાજે રૂ.૧૫૯૩ કરોડનાખર્ચે નિર્માણ પામનારાં કુલ ૯૪ પ્રજાલક્ષી વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું. અમદાવાદના પલ્લવ ચાર રસ્તા ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા તથા અમદાવાદનાં મેયરશ્રી પ્રતિભાબહેન જૈન પણ ઉપસ્થિતરહ્યાહતા. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે હું પોતે અમદાવાદના નારણપુરાવિસ્તારમાં ૪૦ વર્ષરહ્યો છું. આજે આવડો મોટો પલ્લવબ્રિજ જોઈને હૃદયથી આનંદ થાય છે. એક જ કાર્યક્રમમાં ૧૫૫૦થી વધુનાં વિકાસ કાર્યોની ભેટ લોકોને આજે મળી રહી છે. આ માટે અમદાવાદ મહાનગરપાલિકા તથા મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વને બિરદાવું છું, એવું તેમણે ઉમેર્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે 'એક નાગરિક એક વૃક્ષ'નો સંકલ્પ લઈએ તો અમદાવાદમાં ગ્લોબલ વોર્મિંગની અસર અડધા કરતાં ઓછી થઈ જાય. અમદાવાદના ૧૫થી ૨૫ વર્ષના યુવાનો જો વડાપ્રધાનશ્રીના 'એક પેડ માં કે નામ' અંતર્ગત વૃક્ષ વાવીને ઉછેરે તો પોતાની માતા પ્રત્યે કૃતજ્ઞતાવ્યક્ત કરવાઉપરાંત તેઓ ધરતીમાતાનુંઋણ પણ ચૂકવી શકે છે. દરેક સોસાયટીઓમાં ૧૫થી ૫૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવાવો જોઈએ. એએમસીએ એક વર્ષમાં ૪૦ લાખ વૃક્ષો વાવવાનો સંકલ્પ લીધો છે, આ સંકલ્પમાં નાગરિકો પણજોડાય, એવી અપીલ તેમણે કરીહતી. પહેલગામઆતંકી હુમલામાં જીવ ગુમાનારા નાગરિકોને શ્રદ્ધાંજલિ આપવાની સાથે સાથે કેન્દ્રીય મંત્રીશ્રીએ આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપવા માટે ભારતીય સેનાને બિરદાવતાં કહ્યું હતું કે પહેલગામ હુમલા પછી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ બિહારથીદેશની જનતાને કરેલોવાયદો પૂરો કર્યો અને ૯ જેટલા આતંકી અડ્ડાઓનો ખાતમો કરવામાં સફળતા મેળવી છે. અગાઉ સર્જીકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈક પીઓકે સુધી સીમિત હતા, પરંતુ ઓપરેશન સિંદૂર અંતર્ગત ભારતની સેનાએ પાકિસ્તાનની સરહદની ૧૦૦ કિમી અંદર જઈને આતંકીઓનો સફાયો કર્યો છે, એવું તેમણે ઉમેર્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ આ અંગે વધુ જણાવ્યું કે ઓપરેશનસિંદૂર અંતર્ગત આતંકીઓના સફાયા ઉપરાંત પાકિસ્તાનને વિશ્વ સમક્ષ ઉઘાડું પાડવાનું પણ મોટું કામ થયું. પાકિસ્તાનમાં આતંકવાદીઓના અડ્ડાઓ આવેલા છે અને એ જ આતંકવાદને ઉછેરે છે, એ બાબતઆજે વિશ્વ સમક્ષ સ્પષ્ટ થઈચૂકી છે. ભારતીય સેનાઓના પરાક્રમ, સજ્જતા અને મારક ક્ષમતા ઉપરાંત વડાપ્રધાનશ્રીની દૃઢ રાજકીય ઈચ્છાશક્તિને કારણે પાકિસ્તાનને જડબાતોડ જવાબ અપાયો છે. આજે વિશ્વના યુવાનો ભારત દ્વારા ભારતમાં જ બનેલી બ્રહ્મોસ મિસાઈલ અંગે જાણવા ઈન્ટરનેટ પર સર્ચ કરી રહ્યા છે, એવું તેમણે ઉમેર્યું હતું. શ્રી અમિતભાઈએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીએ રાષ્ટ્રજોગ સંબોધનમાં ત્રણ બાબતો સ્પષ્ટ કરી છે, સિંધુનું પાણી અને લોહી એક સાથે નહીં વહે, ટ્રેડ અને ટેટરિઝમ એક સાથે ન થઈ શકે તથા ભારત હવે માત્ર પીઓકે અને આતંકવાદના ખાતમા અંગે જ વાતચીત કરશે. વડાપ્રધાનશ્રીની રાજકીય દૃઢ ઈચ્છાશક્તિ અને દેશની સેનાઓની વીરતા અને સજ્જતા, ગુપ્ત એજન્સીઓની સટિક જાણકારીના વખાણ આજે દેશની ૧૪૦ કરોડ જનતા કરી રહી છે. ગુજરાત માટે વધુ ગૌરવની વાત એ છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના પનોતા પુત્ર છે ઓપરેશનસિંદૂર અંગે કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે દેશમાં સુરક્ષા અને સીમાઓના રક્ષણ અંગે જ્યારે પણ ઈતિહાસ લખાશે ત્યારે ઓપરેશન સિંદૂર સુવર્ણ અક્ષરોમાં લખાશે. ઓપરેશન સિંદૂર એ દેશની માતૃશક્તિને મળેલું સૌથી મોટું સન્માન છે. વડાપ્રધાનશ્રીએ છેલ્લાં ૧૧ વર્ષમાં આર્થિક ઉપરાંત સંરક્ષણ ક્ષેત્રેપણ મજબૂત પાયો નાખ્યો છે, એવું તેમણે ઉમેર્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ આ પ્રસંગે ખાદી અને ગ્રામ ઉદ્યોગ બોર્ડ દ્વારા ૧૦૦૦થી વધુ લાભાર્થીઓને રોજગારીનું સાધન આપવાબદલ આનંદની લાગણી વ્યક્ત કરીહતી.

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈના નેતૃત્વમાંવિકાસને સતત પ્રાધાન્યઅપાયું છે. આજનો અમદાવાદ મહાનગરનો વિકાસ ઉત્સવ એ જ દિશામાં વધુ એક કદમ છે. આજે અમદાવાદના નગરજનોને રૂ. ૧૫૯૩ કરોડના વિવિધ વિકાસનાં કામોની ભેટ મળીછે, જેનાનામાં નાનામાનવી, શહેર અને નગરને વિકાસની મુખ્ય ધારામાં લાવવાની નેમ સાકાર કરી રહ્યુંછે, તેમ તેમણે ઉમેર્યું હતું. આ સંદર્ભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે વિકાસની રાજનીતિ શરૂ કરી હતી, તેના પાયા પર આજે અમદાવાદના નગરજનોને આ ભેટ મળી છે. શ્રી નરેન્દ્રમોદીએ ગુજરાતની સત્તા સાંભળી એ પહેલા ગુજરાતની સ્થિતિકેવી હતીએનાથી આપણે સૌ કોઈ વાકેફ છીએ. ગુજરાતમાં વીજળીની વ્યવસ્થા નહોતી, ખેડૂતો વાળું સમયે લાઈટ મળે એવી વિનંતી કરતાહતા, એ પરિસ્થિતિમાંથી ગુજરાતને શ્રી નરેન્દ્રભાઈ મોદી બહાર લાવ્યાછે. આજે ગુજરાતમાં ચોવીસ કલાક વીજળીની સુવિધા મળી રહી છે. ગુજરાતભરમાં રોડનું નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે અને નર્મદાનું પાણી આજે છેક કચ્છ સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંગે વાત કરતાકહ્યુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સપનું છે કે દેશના દરેક નાગરિકના માથે પોતાની પાકી છત હોય એ માટે તેમણે દેશમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરાવી છે. આ યોજનાઅંતર્ગત ગુજરાતમાં ૧૩ લાખથી વધુ આવાસો પ્રધાનમંત્રીઆવાસયોજના (શહેરી) હેઠળ બનાવવામાંઆવ્યાં છે. આજે શ્રી અમિતભાઈના હસ્તે અમદાવાદમાં વધુ ૩૫૦૧ આવાસો ફાળવવામાં આવી રહ્યાછે, એ આપણા સૌ માટે ગૌરવની વાત છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યુંકે, પોતાની સ્કીલ અને મહેનતના બળે લોકો રોજગારી મેળવી શકે તેવાઉદ્દેશ સાથે ગ્રામોદ્યોગની વિવિધ યોજનાઓહેઠળ મશીનરીઅને ટૂલકિટ વિતરણ કરવામાં આવ્યું છે. આ સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૭૦૦ યુવાનોને નિમણૂક પત્ર એનાયત કરવામાંઆવ્યાં છે. નિમણૂક મેળવનારા યુવાનોને મુખ્યમંત્રીશ્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આવાસ, પરિવહન, આત્મનિર્ભરતા માટે રોજગારી સહિતના વિકાસ કામોનો આ અવસર અમદાવાદ મહાનગરના નાગરિકોમાટે અર્નિંગ વેલ -લિવિંગ વેલ ચરિતાર્થ કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ માટે પર્યાવરણપ્રિય, સ્વચ્છ, સુવિધાયુક્ત શહેરો બનાવવા વડાપ્રધાનશ્રીના સ્વચ્છતા, કેચ ધી રેઈન, એક પેડ માં કે નામ જેવા અભિયાનોને આગળ વધારવા અપીલ કરીહતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, આતંકવાદ, નકસલવાદ અને દેશવિરોધી તત્વોને નાબૂદ કરવામાં ગુજરાતના પનોતા પુત્રો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહનું નેતૃત્વ સુરક્ષા દળોનું મનોબળ સતત વધારી રહ્યું છે. શ્રી નરેન્દ્રભાઈ અને શ્રી અમિતભાઈની જોડીએ દેશની સીમા પાર અને સીમાની અંદર આતંકવાદને જડબાતોડ જવાબ આપીને નાગરિકોની શાંતિ અને સલામતી સુનિશ્ચિત કરી છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ઓપરેશનસિંદૂરની સફળતાના સેનાના આ શૌર્યસભર પરાક્રમથી દેશવાસીઓમાં રાષ્ટ્રહિત પ્રથમની પ્રબળ ભાવના જાગી છે અને તિરંગાની શાન પણ વધી છે.

અમદાવાદ શહેરનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈને કાર્યક્રમના પ્રારંભે સૌનું શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યું હતું કે, આજે અમદાવાદના નગરજનોને કેન્દ્રીયગૃહ મંત્રીશ્રી અમિત શાહ હસ્તે અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતમાં રૂ.૧૫૯૩ કરોડનાં કુલ ૯૪ વિકાસકાર્યોની ભેટ મળી છે, એ સૌ નગરજનો માટે ગર્વની વાત છે. આ અવસરે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંનવી નિમણૂંક પામેલા ૭૦૦થી વધુ જુનિયર ક્લાર્કને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ખાદી ગ્રામોદ્યોગ આયોગ દ્વારા ગ્રામોદ્યોગ યોજના હેઠળ વિવિધકારીગરોને ઈલેક્ટ્રિકપાવર લૂમ્સ, સિલાઈ મશીન, અગરબત્તી મશીનનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત થયેલા આવાસોનો ડ્રો કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, અમદાવાદ પશ્ચિમના સાંસદ દિનેશભાઈ મકવાણા, રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિ અમીન, અમદાવાદના સર્વ ધારાસભ્યશ્રીઓ, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિપાની, ખાદીઅને ગ્રામોદ્યોગ ચેરમેન શ્રી મનોજ કુમાર, ઉપરાંત અમદાવાદ મહાનગરપાલિકા અને જિલ્લાવહીવટી તંત્રના વિવિધ હોદ્દેદારો, ઉચ્ચ અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં નગરજનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર લોકસભાવિસ્તાર અને અમદાવાદ પૂર્વ તેમજ પશ્ચિમ લોકસભા વિસ્તારમાં અંદાજિત રૂ.૧૫૯૩ કરોડના ખર્ચે કુલ ૯૪ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું છે. લોકાર્પિત થયેલાં વિકાસકામો જોઈએ તો, રૂ. ૩૯૪ કરોડના ખર્ચે ૩૪ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું લોકાર્પણ અને આવાસ ડ્રોનો સમાવેશ થાય છે.

રૂપિયા ૧૭૦ કરોડના ખર્ચે હાઉસિંગ પ્રોજેક્ટ, રૂપિયા ૧૧૬ કરોડના ખર્ચેબ્રિજ પ્રોજેક્ટ, રૂપિયા ૮૬ કરોડના ખર્ચે વોટર પ્રોજેક્ટ તથા ડ્રેનેજ પ્રોજેક્ટ, રૂપિયા ૧૭ કરોડના ખર્ચે અર્બન હેલ્થ સેન્ટર, શ્રમિક સુવિધા કેન્દ્ર અને આંગણવાડી પ્રોજેક્ટ તેમજ રૂ. ૫ કરોડના ખર્ચે ગાર્ડન અને કળાઓ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાંઆવ્યું છે. આ પ્રસંગે રૂ. ૧૧૯ કરોડના ખર્ચે ૬૦ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે કર્યું છે. જેમાં રૂ. ૫૭૯ કરોડના ખર્ચે બ્રિજ પ્રોજેક્ટ, રૂપિયા ૩૫૬ કરોડના ખર્ચે વોટર પ્રોજેક્ટ તથા ડ્રેનેજ પ્રોજેક્ટ, રૂ. ૨૨૨ કરોડના ખર્ચે વેજીટેબલ માર્કેટ, શ્રમ સુવિધા કેન્દ્ર, અમદાવાદ હાટ, ફૂડપાર્ક, સ્કૂલ પ્લે ગ્રાઉન્ડ, પાર્ટી પ્લોટ, મહિલા જીમ્નેશિયમ અને અર્બન હેલ્થ સેન્ટર પ્રોજેક્ટ તેમજ રૂ. ૪૨ કરોડના ખર્ચે ગાર્ડન અને તળાવ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાંઆવ્યું છે.

તંત્રી સ્થાનેથી......

સંરક્ષણ રાજ્યમંત્રી શ્રી સંજય સેઠ ૨૦ થી ૨૪ મે, ૨૦૨૫ દરમિયાન મલેશિયાના લેંગકાવી ખાતે યોજાનાર ૧૭માં લેંગકાવી ઈન્ટરનેશનલ મેરીટાઈમ એન્ડ એરોસ્પેસ એક્ઝિબિશન (LIMA 2025) માંભારતીય પ્રતિનિધિમંડળનુંનેતૃત્વ કરશે. LIMA 2025 માં એક ભારતીય પેવેલિયન સ્થાપિત કરવામાંઆવ્યું છે, જેનું ઉદ્ઘાટન રક્ષા રાજયમંત્રી દ્વારા કરવામાં આવશે. માઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ, ભારત ડાયનેમિક્સ લિમિટેડ, બીઈએમએલ, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ અને ગ્લાઈડર્સઈન્ડિયા લિમિટેડ સહિત અનેક ડીપીએસયુ અને ખાનગી સંરક્ષણ કંપનીઓ આ પ્રદર્શનમાં ભાગ લેશે અને ભારતીય સંરક્ષણ ઉદ્યોગની કુશળતાનું પ્રદર્શન કરશે. આ વર્ષે ડોર્નિયર એરક્રાફ્ટ અને ભારતીય નૌકાદળના જહાજ સહિત ભારતીય સંપત્તિઓ પણ LIMA 2025 માં ભાગ લેશે. પ્રદર્શન દરમિયાન સંરક્ષણ રાજ્યમંત્રી મલેશિયાના સંરક્ષણ મંત્રી દાતો સેરી મોહમ્મદ ખાલિદ બિન નોર્દિનને પણ મળશે. આ મુલાકાત દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ અને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે. ભારત અને મલેશિયા મજબૂત અને બહુપક્ષીય સંબંધોનો આનંદ માણે છે, જે સંરક્ષણ અને સુરક્ષાસહિત અનેક વ્યૂહાત્મક ક્ષેત્રોમાંવિસ્તરે છે. બંને દેશો ૨૦૨૪ માં મલેશિયાના વડા પ્રધાનની મુલાકાત દરમિયાન સ્થાપિત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીના વિઝન હેઠળ કામ કરવા માટે પ્રતિબદ્ધ છે. LIMA, 1991માંસ્થપાયેલ અનેદ્વિવાર્ષિક ધોરણે યોજાય છે, તે એશિયા-પેસિફિક ક્ષેત્રમાં સૌથી મોટા અને સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ અને અવકાશ પ્રદર્શનોમાંનું એક માનવામાંઆવે છે.

મંત્રી શ્રી ડો. મનસુખ માંડવીયાના હસ્તે દિવ્યાંગોને સાધન સહાય, આરોગ્ય કેમ્પ તથા સેવા સેતુનો શુભારંભ

સેવા સેતુ એ પ્રધાનમંત્રીશ્રીનો સેવાના માધ્યમથી લોકો સાથે જોડાવાનો ઉદાત્ત વિચાર

દિવ્યાંગોના જીવનમાં આ સાધનો થકી નવી ઉર્જાનો સંચાર થશે

કમલમ્,રાજકોટ

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો, રમત ગમત વિભાગના મંત્રી શ્રી ડો. મનસુખભાઈ માંડવીયાના અધ્યક્ષસ્થાને રામ બાપાની જગ્યાની વાડી, મેવાસા, જેતપુર ખાતે તાલુકા કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ, દિવ્યાંગ સાધન સહાય તથા મેડિકલ કેમ્પનો શુભારંભ કરવામાંઆવ્યોહતો. આતકે મંત્રી શ્રી માંડવીયાએ કહ્યું હતું કે, સેવા સેતુ એ પ્રધાનમંત્રીશ્રીનો સેવાના માધ્યમથી લોકો સાથે જોડાવાનો ઉદાત્ત વિચાર છે. પ્રધાનમંત્રીશ્રીએ જનતા વચ્ચે જઈ તેમના પ્રશ્નોના સમાધાન સાથે સરકારી યોજનાઓના લાભ પહોંચતા કરવાની કાર્ય સંસ્કૃતિનું નિર્માણ કર્યું છે. ગામડાના લોકોને ઘર આંગણે જ સરકારી સુવિધાઓનો લાભ મળી રહે તે માટે સેવા સેતુ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો છે. વળી આજે આ કાર્યક્રમ સાથે મેડિકલ કેમ્પના માધ્યમથી અનેકલોકોને સારવાર અને તેમની તકલીફોનું નિદાન પણ મળશે. "પરોપકાર એ કાઠીયાવાડની સંસ્કૃતિ છે" તેમ જણાવી મંત્રીશ્રી માંડવીયાએ ઉમેર્યું હતું કે, અન્યને સહયોગી થવાની ભાવના સાથે ભારત કોવિડનો જંગ પણ જીત્યું હતું, એવી જ રીતે આજે વૃદ્ધ માતાઓ, વિધવા બહેનો, વંચિતો અને છેવાડાના લોકો સુધી સરકારની યોજનાઓનો લાભ લઈ તંત્ર તેમના સુધીપહોંચ્યું છે. આજે ગુજરાતનાદરેક ગામડેસારા રસ્તા, પાણી અને વીજળીની સુવિધાઓ પહોંચી છે. નર્મદાનું પાણી ગુજરાતના ૧૧૫ડેમમાંઅને એક લાખ દસ કિલોમીટર લાંબી પાઈપલાઈન દ્વારા એક હજાર ગામડાઓમાં પહોંચી રહ્યું છે. ગામડા સમૃદ્ધ બન્યા છે, અને સુખાકારી વધી છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખેડૂત સક્ષમ બને તે માટે સરકાર દ્વારા મગફળી અને અન્ય જણસો ખરીદીને તેમને પોષણક્ષમ કિંમત આપવામાં આવી રહી છે. આજે અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિનિ સમયે પણ તરત જ સર્વે કરી ખેડૂતોને વીમાના પૈસા પહોંચાડવામાં આવેછે. સરકારની આયુષ્માન યોજનાને કારણે ગામડાના કોઈ પણ વ્યક્તિને કોઈના ઓશિયાળા થવાની જરૂર રહેતી નથી. પ્રધાનમંત્રી શ્રી દ્વારા દિવ્યાંગોનું જીવન વધુ સુવિધા સભર બને તે માટે તેમને વિવિધ સાધન સહાયના લાભ આપવામાં આવી રહ્યાછે આજે અહીંથી લાભ લેનાર દિવ્યાંગોના જીવનમાં આ સાધનો થકી નવી ઉર્જાનો સંચાર થશે તેવી અભ્યર્થના મંત્રીશ્રીએ વ્યકત કરી હતી. આ સાથે મંત્રીશ્રીએ ગામને પ્લાસ્ટિકમુક્ત બનાવવાની અપીલસાથે સ્વચ્છતા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે કલેક્ટર શ્રીપ્રભવજોશીએહતું કે, મેવાસા વિસ્તારમાં રૂ. ૧.૧૦ કરોડના વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્તસાથે કેન્દ્ર સરકારની વયોશ્રી યોજનાનો ગુજરાતમાં પ્રથમ મેવાસા ખાતેથી પ્રારંભ થઈ રહ્યો છે. જેના ૩૬ લાભાર્થીઓનેરૂ. ૨,૫૮,૧૯૨ના સહાયક ઉપકરણો એનાયત કરવામાં આવ્યા છે. પાંચ દિવસ દરમિયાન આ વિસ્તારમાં ગ્રામસભા સફાઈ ઝુંબેશ રમતગમતની સ્પર્ધાઓ વગેરે કાર્યક્રમ યોજાયા હતા. માત્ર થોડા કલાકોમાંજ સરકારની૫૦થી વધુ યોજનાઓનો ૨૦૦થી વધુ લાભાર્થીઓને લાભ મળ્યોછે, પશુ કેમ્પ દ્વારા ૬૦૦ થી વધુ પશુઓને ડી-વોર્મીંગ અને અન્ય સારવાર આપવામાં આવીછે ત્યારે તંત્ર દ્વારા લોકોના સહાયક બનવાનો પણ અનેરોઆનંદ છે. આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તેવ્હાલી દિકરી, દિવ્યાંગ સહાય, નિરાધાર વૃધ્ધ અનેગંગા સ્વરૂપા, ઘરથાળના પ્લોટ તેમજ નિક્ષય મિત્ર યોજનાઓના ૧૭ લાભાર્થીઓને ચેક, સનદ, મંજૂરી હુકમ અને કીટ એનાયત કરવામાં આવી હતી. તથા ઉત્તમ કામગીરી કરનાર કર્મચારીઓને સન્માનિત કરાયા હતા. મંત્રીશ્રીના હસ્તે મેવાસા ખાતે નવનિર્મિત તળાવ તથા ૫૫ લાખના ખર્ચે નિર્મિતવિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.જેમાં લુણાગરી, મોટા ગુંદાળા, સરધારપુર, મેવાસા, જાંબુડી, કેરાળી, મંડલીકપુર વગેરે ગામોમાં પેવર બ્લોક તથા મેવાસા ખાતે ભૂગર્ભ ગટર અને પ્રેમગઢ ખાતે સી.સી.રોડના લોકાર્પણ કરવામાં આવ્યા હતા. આ સાથે જ આ તમામ ગામોમાંરોડ, શેડ, પાણીની પાઈપલાઈન, કમ્પાઉન્ડવોલ જેવા વિવિધ કામોના અંદાજે રૂ. ૫૪,૧૨,૫૦૦ના વિકાસ કામો અને મેવાસા ગામે રૂ.૨૭,૪૯,૫૬૦.૪૪ ના ખર્ચે બનનાર આંગણવાડીકેન્દ્ર નં.૩ની નવી ઈમારતનું ખાતમૂહુર્ત પણ કરાયું હતું.

મહાનુભાવોએ સેવા સેતુ કાર્યક્રમના દરેક સ્ટોલની મુલાકાત લઈ સેવા અંગેની વ્યવસ્થાઓ ચકાસીહતી. ત્યાર બાદ રકતદાન કેમ્પમાં દાતાઓની અને મેડિકલ કેમ્પની મુલાકાતકરી નાગરિકોનો ઉત્સાહ વધાર્યો હતો. મેદાન ખાતે મંત્રીશ્રી માંડલિયા તેમજ મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરી બાદમાં ભૂગર્ભ જળ રિચાર્જ માટે ગીર ગંગાપરિવાર ટ્રસ્ટ દ્વારા હાથ ધરવામાંઆવનાર રિચાર્જિંગ બોરની કામગીરીનો શુભારંભ કરાવાયો હતો. સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત કેરાળી, લુણાગરા, પ્રેમગઢ, લુણાગરી, મેવાસા, રબારીકા, જાંબુડી, પાંચપીપળા, સરધારપુર, મોટા ગુંદાળા, મંડલીકપુર, પેઢલા અને જૂની સાંકળીગામોના લોકોને રાજય સરકારના ૧૩ વિભાગની વિવિધ સેવાઓનો લાભ આપવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, મેવાસા ખાતે આયોજિત આ કાર્યક્રમમાં દિવ્યાંગ એસેસમેન્ટ કેમ્પ અંતર્ગત કુલ ૫૦૨ લાભાર્થીઓને રૂ.૬૧,૨૩,૪૪૯/-કિંમતના ૮૭૮ દિવ્યાંગ સહાયક ઉપકરણો, સાથે જ એસ.એલ. માંડલીયા ફાઉન્ડેશન દ્વારા મેડિકલ કેમ્પ ખાતે વિવિધ નિષ્ણાત ડોક્ટરોની સેવા આપવામાં આવી હતી અને પશુ સારવાર કેમ્પ પણ યોજાયોહતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન રંગાણી, ધારાસભ્ય શ્રી જયેશભાઈ રાદડીયા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી મનિષાબેન પરમાર, કારોબારી સમિતિના ચેરમેન શ્રી પ્રવીણકુમાર કિયાડા, સિંચાઈ સમિતિના ચેરમેન શ્રી ભાવનાબેન બાંભરોલીયા, ગોંડલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન શ્રી અલ્પેશ ઢોલરીયા, સરપંચ શ્રી ભનુભાઈ સોલંકી, ઉપસરપંચ શ્રી જયેશભાઈ સાવલિયા, રાજકોટ ડેરીના શ્રી ગોરધનભાઈ ધામેલીયા, ગીરગંગા ટ્રસ્ટના શ્રી જમનભાઈ ડેકોરા, આઈ.એસ.આઈ.સી.ના ડાયરેકટર શ્રી હેમંતકુમાર પાંડે, જિલ્લાવિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, પ્રાંત અધિકારી શ્રી રાહુલ ગમારા, તથા બહોળી સંખ્યામાં ગ્રામજનોઉપસ્થિત રહ્યા હતા.

બાળકોમાં મેદસ્વિતાનું પ્રમાણ ઘટે તે માટે વલસાડ જિલ્લામાં પાંચ સ્થળોએ સમર યોગ કેમ્પનો શુભારંભ

તા. ૩૦ મે સુધી ચાલી રહેલા યોગા કેમ્પમાં ૫૦૦ જેટલા બાળકો યોગભ્યાસ સાથે સંસ્કાર પણ મેળવી રહ્યા છે

કમલમ્,વલસાડ,

રાજયના મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજયમાંચાલી રહેલા સ્વસ્થ ગુજરાત, મેદસ્વીતા મુક્ત ગુજરાત અભિયાન હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા બાળકોમાં મેદસ્વિતાનું પ્રમાણ ઘટે તેવા શુભ આશય સાથે સમર યોગ કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો છે. વલસાડ જિલ્લાનાં ૫ સ્થળોએ તા.૧૬/૦૫/૨૫ થી તા. ૩૦/૦૫/૨૫ સુધી સવારે ૦૭:૦૦ થી ૯:૦૦ કલાક સમર યોગ કેમ્પ ચલાવવામાં આવશે. જેમાં ૭ થી ૧૫ વર્ષના બાળકો મોટી સંખ્યામાં ભાગલઈ રહ્યાછે. ગુજરાતરાજ્ય યોગબોર્ડનાચેરમેનયોગસેવક શ્રી શિશપાલજીના નેતૃત્વમાં તેમજ સાઉથઝોન કોઓર્ડીનેટર પ્રીતિબેન પાંડેનાં માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લામાં આ સમર યોગ કેમ્પ શિબિરનું આયોજન કરવામાંઆવ્યું છે. સમર યોગ કેમ્પમાં બાળકોનો શારીરિક માનસિક અને બૌદ્ધિક વિકાસ થાય છે તેમજ યોગ દ્વારા બાળકોનો સર્વાંગીવિકાસ થાય છે. સાથે સાથે સમર યોગ કેમ્પમાં બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય અને નૈતિકતાના ગુણો ખીલે એ માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સર્ટિફાઈડ યોગ કોચ અને ટ્રેઈનર ૧૫ દિવસ શિબિરમાં જોડાયેલા બાળકોને શિક્ષણ આપશે. બાળક આવતીકાલનું ભવિષ્ય છે અને સ્વસ્થ, તંદુરસ્ત અને નિરોગી સમાજ અને દેશ બનાવવું આ ગુજરાત રાજ્ય યોગ બોર્ડનું લક્ષ્ય છે.

શિબિરમાં નિયમિત હાજરી આપનાર બાળકને સર્ટિફિકેટ આપવામાં આવશે. ગુજરાત રાજ્ય બોર્ડના ચેરમેન યોગ સેવકશ્રી શિશપાલજીનો નિયમિતયોગ કરવાઅંગેનો સંદેશ ઘરે-ઘરે પહોંચે અને બધા સ્વસ્થ અને નીરોગી રહે તે માટે આ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે અને જેમાં ૫૦૦ થી વધુ બાળકો ભાગ લઈ રહ્યા છે. આ કેમ્પમાં બાળકોનેપૌષ્ટિક અલ્પાહાર પણ આપવામાં આવે છે. વલસાડ જિલ્લાના સમર યોગ કેમ્પ શિબિરનું સંપૂર્ણસંચાલન ડિસ્ટ્રિક્ટ કોઓર્ડીનેટર પ્રીતીબેનવૈષ્ણવ દ્વારા કરવામાં આવીરહ્યું છે. વધુ માહિતી માટે www.gsyb.in અથવા જિલ્લા કોર્ડીનેટર પ્રિતી વૈષ્ણવનો મો.નં. ૯૯૯૮૨૧૩૧૪૯ પર સંપર્ક કરીશકાય છે.

રાજકોટ દ્વારા વિશ્વ હાયપરટેન્શન દિવસ અન્વયે જિલ્લા આરોગ્ય તંત્રની કામગીરી

કમલમ્,રાજકોટ

એનસીડી સેલ, જિલ્લાપંચાયતરાજકોટ દ્વારા વિશ્વ હાયપરટેન્શન દિવસની ઉજવણીના ભાગરૂપેતા. ૧૭ના રોજ જિલ્લાભરમાં એનસીડી (બિન-સંચારીરોગો) જાગૃતિઅને તપાસણીકાર્યક્રમ યોજાયાહતા. જેના ભાગરૂપે જિલ્લાપંચાયત, કલેક્ટર કચેરી અને પોલીસ અધિક્ષક કચેરી ખાતે એનસીડી સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરાયું હતું. આ તકે ૩૬૨ સરકારી કર્મચારીઓની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૯૦ હાયપરટેન્શનના અને ૪૩ ડાયાબિટીસના કેસ જોવા મળ્યા હતા. આ ઉપરાંત જિલ્લાના તમામ આરોગ્ય પેટા કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પેટા જિલ્લા હોસ્પિટલો ખાતે પણ વિવિધ જાગૃતિ અને તપાસણી કાર્યક્રમોનું આયોજન કરવામાંઆવ્યું હતું. જેમાં મુખ્યત્વે એનસીડીજાગૃતિ સત્રોઅને યોગસત્રોમાં મોટીસંખ્યામાં લોકોએ ભાગલઈ સ્વસ્થજીવનશૈલી અંગેમાહિતી મેળવીહતી. આતમામ કેન્દ્રોમાં હાયપરટેન્શન, ડાયાબિટીસઅને સામાન્ય આરોગ્ય તપાસણીકરાઈ હતી. જિલ્લાવિકાસ અધિકારીશ્રીઅનંદુ સુરેશ ગોવિંદના માર્ગદર્શન હેઠળ આ સમગ્રઅભિયાનનું આયોજન કરાયું હતુ.

ગભેણી ખાતે કેન્દ્રીય જળશકિત મંત્રી સી.આર.પાટીલના હસ્તે ૩૬ વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રકચરનું લોકાર્પણ

સરકારે 'ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં" એ ભાવનાને જળસંચય પ્રવૃત્તિથી સાર્થક કરી છે :- કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ

સચિન ઇન્ફ્રા પ્રા.લિ.-સુરત દ્વારા ૩૬ વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચરોનું નિર્માણ કરી જળસંચય પ્રવૃત્તિમાં ઉમદા યોગદાન

કમલમ્,સુરતઃ

કેન્દ્રીય જળશકિત મંત્રીશ્રી સી.આર.પાટીલ હસ્તે ગભેણી સ્થાતિ આશાપુરા માતાજીમંદિર પાસેસચિન ઈન્ફ્રા પ્રા.લિ.સુરત દ્વારા નવનિર્મિત ૩૬ વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચરનુંલોકાર્પણ કરાયુંહતું આ પ્રસંગેકેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૧માં"કેચ ધરેઈન" અભિયાન નો પ્રારંભ કર્યો હતો, જેનુ મુખ્ય લક્ષ્ય દેશભરમાં વરસાદી પાણીના સંરક્ષણ અને જળસંચયને પ્રોત્સાહન આપવાનું હતું. વડાપ્રધાનશ્રી"જળસંચયજનસહભાગીદારીથી જનઆંદોલનમાં પરિવર્તિતથવો જોઈએ." એ ભાવના સાથે દરેક નાગરિકે પોતાની કર્મભૂમિ, માતૃભૂમિને જળસંચયના કાર્યોથી સમૃદ્ધ બનાવેએના આગ્રહી રહ્યાછે. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું કે, પૂર્વ વડાપ્રધાન સ્વ.લાલબહાદુર શાસ્ત્રીજીએ દેશ યુદ્ધની પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે દેશવાસીઓને એક ટાઈમ ભોજનનો ત્યાગ કરવા આહ્વાન કર્યું હતું, જેને સમગ્ર દેશે સહજરીતેસ્વીકાર્યું હતું. હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોનાની કપરી પરિસ્થિતિમાં'મારાદેશનો એક પણ નાગરિક ભૂખ્યોસુવો નજોઈએ.' એવીભાવના સાથે ગરીબ કલ્યાણ અન્ન સુરક્ષાયોજના અમલી બનાવી અને એ સુનિશ્ચિત કર્યું કે કોઈ નાગરિક ભૂખના દુઃખથી ન પીડાય. જળસંચય ક્ષેત્રે વડાપ્રધાનશ્રીના યોગદાન વિશે મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતના મુખ્ય મંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન નરેન્દ્રભાઈમોદીએ સરદાર સરોવર યોજના સાથે રિવર લિંકિંગની કલ્પનાને સાકાર કરવાનોપ્રયાસ કર્યો. અટલજીના સહયોગથી નર્મદાના પાણીને સાબરમતી નદી સાથે જોડીનેતેનાથીસૌરાષ્ટ્રસુધીપાણીપહોંચાડવામાં આવ્યું. તેમણે ઉમેર્યું કે, દેશના દરેક જિલ્લામાં૭૫તળાવોનાનિર્માણથીજળસંચય અને વોટર હાર્વેસ્ટિંગને વેગ મળ્યો છે. સરકારે 'ગામનું પાણીગામમાં અને સીમનું પાણી સીમમાં" એ ભાવનાને જળસંચય પ્રવૃત્તિથી સાર્થક કરી છે આપ્રસંગે ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈ, મેયર દક્ષેશભાઈ માવાણી, ડેમેયર ડૉ. નરેન્દ્ર પાટીલ, સ્થાયી સમિતિના અધ્યક્ષરાજન પટેલ, સચિન ઈન્ફ્રા પ્રા. લિ.-સુરતના પ્રતિનિધિઓ, મનપાના લાઈટ એન્ડ ફાયર વિભાગના અધ્યક્ષ ચિરાગસિંહ સોલંકી, કોર્પોરેટરો હસમુખભાઈ નાયકા, પિયુષાબેન પટેલ, રિનાદેવી રાજપૂત, સંગઠન પ્રમુખ પરેશ પટેલ સહિત નાગરિકો ઉપસ્થિતરહ્યા હતાં.

કામરેજતાલુકાના લસકાણા ખાતે આહિરસમાજવાડીનું લોકાર્પણ કરતા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ તથા વન, પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા



કમલમ્,સુરત

કામરેજ તાલુકાના લસકાણા ખાતે કેન્દ્રીય જળશકિત મંત્રી સી.આર.પાટીલ તથા વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે આહિર સમાજની વાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ, સાંસદ શ્રીપૂનમબેન માડમ, મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી તથા આહિર સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રી પાટિલેજણાવ્યું હતું કે, તાપી થી વાપીમાં જે લોકો વસ્યા છે તેઓ સમૃદ્ધ થયા છે. આહિર સમાજે વર્ષો પહેલા સૌરાષ્ટ્રથી પોતાના પશુધન સાથે લસકાણા આવીને વસવાટ કર્યો હતો. આજે સમાજ સંગઠિત થઈ આર્થિક સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યો છે. ૪૫ દિવસમાં યમુના નદીની ૪૮ કિમી સુધી પ્લાસ્ટિક અને જળકુંભીની સફાઈની કામગીરી હાથ ધરવામાં આવનાર છે જેમાં સૌને શ્રમદાનમાં જોડાવાનો અનુરોધ કર્યો હતો. વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, સુરત શહેરમાં દાતાઓના સહયોગથી શૈક્ષણિક સંકુલો, સમાજની વાડીઓનું નિર્માણ થઈ રહ્યું છે. સમાજના અને કુ યુવાનો સરકારી સેવામાં જોડાઈને ઉજળી કારકિર્દી બનાવી રહ્યાછે. વધુને વધુદીકરીઓ ભણી ગણીને રાષ્ટ્ર નિર્માણમાં સહયોગી બને તેવો અનુરોધ મંત્રીએ કર્યો હતો.

શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈએ જણાવ્યું હતું કે, લસકાણા નજીક સરકારી સાયન્સ કોલેજનું નિર્માણ થશે. ૩૦૦ બેડની સરકારી હોસ્પિટલ પણ મંજૂર થઈ છે. સૌ યુવાનોને વ્યસનથી દૂર રહેવા અને દીકરીઓને શિક્ષિત બનવાનો અનુરોધ તેમણે કર્યો હતો. આ પ્રસંગે અગ્રણીઓ મેરામણભાઈ ભાટુ, નટુભાઈ ભાટુ, રઘુભાઈ હુંબલ, ભરતભાઈ ડાંગર, વરજાંગભાઈ તેમજ મોટી સંખ્યામાં આહિર તથા ભરવાડ સમાજના અગ્રણીઓ ઉપસ્થિતરહ્યા હતા.

સ્થિતપ્રજ્ઞા સરસ્વતીપુત્ર પુસ્તકનું લોકાર્પણ સંપન્ન

ગાંધીનગરમાં પ્રથમ પબ્લિકેશન હાઉસ એપી કન્સલ્ટન્સનો થયેલો શુભારંભ

કમલમ્,

પૂર્વમુખ્ય સચિવઅને સર્જક શ્રી પી. કે. લહેરીએ જણાવ્યું હતું કે, જીવનમાં નિષ્ઠાપૂર્વક નિષ્કામ ભાવે કાર્ય કરવાથીઅદભુત કાર્યસંતોષપ્રાપ્ત થતોહોય છે. શ્રી લહેરી આજે સ્વર્ગસ્થ મનુભાઈત્રિવેદીની જીવની ઉપર આધારિત પુલક ત્રિવેદી દ્વારા લેખિત સ્થિતપ્રજ્ઞ સરસ્વતીપુત્ર પુસ્તકના લોકાર્પણ પ્રસંગે બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે, સ્વર્ગસ્થ મનુભાઈ લો-પ્રોફાઈલ અને બિનવિવાદાસ્પદ અધિકારી હતા. ત્રણ ' પી ' પાઘડી, પેઅને પેન્શનનોઉલ્લેખ કરતાશ્રી લહેરીએ સરકારી અધિકારીઓની કર્તવ્ય પરાયણતાવિશે રસપ્રદ છણાવટ કરીહતી.

સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને જાણીતા વક્તા ડો. ભાગ્યશભાઈ જહાએમનુભાઈ ત્રિવેદીની સરકારી અધિકારી તરીકેની કર્તવ્યનિષ્ઠા ઉપરાંત એમની આધ્યાત્મિક ચેતનાના પ્રસંગોનેસુપેરે ઉજાગર કર્યા હતા. સ્વાધ્યાય સાદગી અને સમય પાલન મનુભાઈના જીવનના ત્રણ સ્તંભો હતા એમ તેમણે ઉમેર્યું હતું. પદ્મશ્રી જોરાવરસિંહ જાદવે મનુભાઈ સાથેના એમના સંસ્મરણો વ્યક્ત કર્યાહતા. જાણીતા શિક્ષણવિદ અને સર્જક ભાસ્કરભાઈ મહેતાએ મનુભાઈસાથેની તેમની મૈત્રીને હૃદયપૂર્વક યાદ કરીને જણાવ્યું હતુંકે, તેઓએક મેધાવીવ્યક્તિત્વ ધરાવતા મહાજ્ઞાની હતા. આ પ્રસંગે સ્થિતપ્રજ્ઞ સરસ્વતીપુત્ર પુસ્તકના લેખક અને સંપાદક શ્રી પુલકભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ગાંધીનગરના આંગણે એપી કન્સલ્ટન્ટ પબ્લીકેશન હાઉસનો આ પુસ્તકનાપ્રકાશનથી આરંભ કરવામાં આવતા હવે સર્જકોને એમના પ્રકાશન માટે ગાંધીનગરમાંસવલત ઉપલબ્ધબનશે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના તંત્રી શ્રી હરિત મહેતા, આર આર શેઠના શ્રી ચિંતન શેઠ, ગ્રંથાલય નિયામક શ્રી પંકજભાઈ ગોસ્વામી, સર્જકો સવશ્રી કૃષ્ણકાંતભાઈ જહા, વી. એસ. ગઢવી, સાહિત્ય અકાદમીના મહામાત્ર જયેન્દ્રસિંહ જાદવ, કૃષ્ણ દવે, રાઘવજીમાધડ, રમેશ ઠક્કર, કેશુભાઈ દેસાઈ, પ્રકાશ લાલા, કિશોર જીકાદરા, ડૉ. મુકેશજોશી, પ્રતાપસિંહ ડાભી, મેહુલ ભટ્ટ, ગૌતમભાઈ પુરોહિત, આરતીબેન ત્રિવેદી, ડો પરીધીબેન પરીખ, ડો. કેવલ ત્રિવેદી સહિત મોટી સંખ્યામાં સર્જકો લેખકો અને પ્રબુધ્ધો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. જાણીતા સાહિત્ય સર્જક શ્રી કલ્પેશ ભાઈ પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલિત કર્યું હતું.

"ગૌ વિશ્વ વિદ્યાપીઠમ"નો ગાંધીનગર ખાતે શુભારંભ

ગૌ વિશ્વ વિદ્યાપીઠમ સાથે સર્વ વિશ્વવિદ્યાલય સાથેનો MOU

ગૌ આપણી હશે તો જ સમાજ-સોસાયટીનો વિકાસ થશે – વલ્લભભાઈ એમ. પટેલ

કમલમ્,ગાંધીનગર

ગુજરાતની પવિત્ર ધરતી પર પ્રથમ "ગૌ વિશ્વ વિદ્યાપીઠમ" નું ઉદ્ઘાટન જીસીસીઆઈનાસ્થાપક ડૉ. વલ્લભભાઈ કથરિયા, સર્વ વિદ્યાલયના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, પૂર્વશિક્ષણમંત્રીભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગુજરાત રાજયના પ્રાંત કાર્યવાહક શૈલેષભાઈ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાંઆવ્યું હતું. ગૌમાતાના આશીર્વાદથી શરૂથનાર આ યુનિવર્સિટી દેશ-વિદેશમાં ગૌ વિજ્ઞાન, પરંપરાગત જ્ઞાન અને આત્મનિર્ભર ભારતના ઘડતર માટે એક નવા યુગની શરૂઆત કરવામાં આવીછે. મુખ્ય અતિથિ તરીકેઉપસ્થિત સર્વ વિદ્યાલયના ચેરમેન અને સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડન્ટશ્રી વલ્લભભાઈ એમ.પટેલે જણાવ્યું હતું કે, સર્વ વિદ્યાલયની સ્થાપનાને ૧૦૬ વર્ષ પૂર્ણ કર્યા છે. આ સાથે સંસ્થા દ્વારા સંચાલિત ગૌ શાળાને પણ ૯૬ વર્ષથી કાર્યરત છે. નોંધનીય વાત એ છે કે, આ ગૌ શાળાના વિકાસમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોશીએશન દ્વારાકરવામાં આવેછે. ગાયએ હરતુંફરતું ઔષધલય છે. જે આપણાં ગ્રંથો અને ઘરગથ્થું ઉપચારોમાં સચવાયેલું છે. આપણી આસપાસહશે તોજ સોસાયટી વિકાસ થશે. ગાય આપણીમાતા છે. જેને સિદ્ધ કરવા આ ગૌ વિશ્વ વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, સર્વવિશ્વ વિદ્યાલય ગૌ વિશ્વ વિદ્યાપીઠ સાથે MOU કરે છે. સાથોસાથ નવી શિક્ષણ પદ્ધતિ અંતર્ગત ઈન્ડિયન નોલેજ તરીકે એક વિષય પસંદ કરવાનો હોય છે. જેમાં સર્વ વિશ્વવિદ્યાલય અભ્યાસક્રમોમાં ગૌ વિજ્ઞાન વિષયનો સમાવેશ કરવામાં આવશે.

ભુપેન્દ્રસિંહ ચુડાસમા:ગાયો પ્રત્યે અપાર સ્નેહ ધરાવતાં પૂર્વ શિક્ષણમંત્રી ભુપેન્દ્ર સિંહ ચુડાસમાએ પોતના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું, મારા જીવનમાં પણ ગાયનું ખૂબ જ મહત્વ રહ્યું છે અને દરેક વકતાએ જણાવ્યું તેમ ગાય અને તેમાંપણ ગીર ગામ સર્વરોગ માટે એક અક્ષીર ઈલાજ છે અને ગાયો માટે જે કંઈ કરવું પડે તેમ કરશું અને તે કાર્યમાં એક ક્ષત્રિય તરીકે હું છેલ્લાં શ્વાસ સુધી આ એક કાર્યમાં કામ કરતો રહીશ.

જીસીસીના સ્થાપક અને પૂર્વ કેન્દ્રિય મંત્રી ડૉ. વલ્લભભાઈ કથરિયાએ જણાવ્યુંહતું કે, આ વિદ્યાપીઠમ દ્વારા ગાયનોસર્વાંગી વિકાસ,કૃષિ આરોગ્ય, ગૌ રક્ષા, આરોગ્ય રક્ષા, વિગેરેની પદ્ધતિસરની માહિતી પહોંચાડવાનું કાર્ય કરવામાં આવશે.આજનાયુવાઓને આ અભ્યાસક્રમ દ્વારા ઉદ્યમી બનાવવામાં આવશે. અનેભાંગી રહેલાં ગામડાઓને પુનઃસજીવન કરવામાં આવશે. સાથોસાથ સાહિત્ય અને સંસ્કૃતિનો સાચા અર્થમાં અભ્યાસ કરવામાં આવશે. નવી ટેકનોલોજીના ઉપયોગ કરી નવા સંશોધન સાથે સુસંગત કરીને સમાજને દિશા બતાવવાનું કાર્ય કરશે.

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના અગ્રણી શૈલેષભાઈ પટેલે જણઆવ્યું હતું કે, ગૌ વિશ્વ વિદ્યાપીઠમ એક અદ્વિતીય શૈક્ષણિક યાત્રાનો આરંભ છે, જયાં ગૌ આધારિત વૈજ્ઞાનિક અભ્યાસ, સંશોધન, પરંપરા અને આધ્યાત્મના માધ્યમ થી સમૃદ્ધ અને સાતત્ય શીલ ભવિષ્યનું નિર્માણકરવામાં આવશે.

ગૌવિશ્વ વિદ્યાપીઠમના કુલગુરુ ડૉ. હિતેશભાઈ જાનીએ વિદ્યાપીઠ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ વિશે વિસ્તારથી માહિતી આપી હતી.

આ ઐતિહાસિક પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગુજરાત રાજયના પ્રાંત કાર્યવાહ શ્રી શૈલેષભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે અને શ્રી વલ્લભભાઈએમપટેલ (સરદાર સાહેબ) (પ્રમુખ કડી સર્વ વિશ્વવિદ્યાલય, ચેરમેન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગર) વિશિષ્ટ અતિથિ તરીકે કાર્યક્રમમાં હાજરી આપશે. પૂર્વ કેન્દ્રીય મંત્રી, પૂર્વ ચેરમેન રાષ્ટ્રીય કામધેનુ આયોગઅને જીસીસીઆઈ સ્થાપકનાડૉ. વલ્લભભાઈકથીરિયા તથાપૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્ર સિંહ ચુડાસમા, ઈનોવેટિવ થોટ ફોરમના અધ્યક્ષ શ્રી એસ. બી. ડાંગાયચ, મોનીકા અરોરા (એનિમલ વેલફર બોર્ડ) તેમજ ગૌવિજ્ઞાન અનુસંધાન સંસ્થાનના પ્રભારીશ્રી સુનીલ માનસિંઘ, વિશ્વ વિદ્યાપીઠમના સ્થાપક અધ્યક્ષ મિનેશ પટેલ અને ગૌ વિશ્વ વિદ્યાપીઠમના સહ-સ્થાપક અને GCCI જનરલ સેક્રેટરી શ્રી અમિતાભ ભટ્ટનાગરે શિક્ષણવિદો, ગૌ સેવકો, સામાજીક કાર્યકર્તાઓ તથા ગૌ પ્રેમીઓને ઉપસ્થિતિ રહ્યાં હતાં.

રાધનપુર ખાતે ઓપરેશન સિંદૂરના સન્માનમાં તિરંગા યાત્રા યોજાઈ

કમલમ્,રાધનપુર,

પાટણ જિલ્લાના રાધનપુર ખાતે ઓપરેશન સિંદૂરના સન્માનમાં રાધનપુર માં તિરંગા યાત્રાયોજાઈ હતી. સમગ્ર રાધનપુર પંથકમાં "ભારત માતાકી જય" ના નાદ થી શહેર ગુંજી ઉઠ્યું હતું. રાધનપુર જમ્મુ-કાશ્મીરના પહેલગામ ખાતે નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાની ઘટના બાદ ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારા મા ભારતીને તથા આપણા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા રાધનપુર ખાતે ગાયત્રી મંદિર થી રામજી મંદિર સુધી તિરંગા યાત્રા યોજાઈ હતી. ભારતીય સેનાના સન્માન માટે આયોજિત તિરંગા યાત્રાને રાધનપુરના ધારાસભ્ય લવિંગજી સોલંકીએ ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. રાધનપુરના ધારાસભ્ય લવિંગજી સોલંકી એ જણાવ્યું કે, ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારા પાકિસ્તાનના ઘરમાં ઘુસીને આતંકવાદીઓના ઠેકાણાનો નાશ કર્યો છે. વિશ્વે પણ ભારતની નોંધ લીધીછે.

ઓપરેશન સિંદૂર થકી ભારતે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતના વિજયને ઉજવવા અને લોકોમાં દેશપ્રેમની ભાવના અખંડિત રહે એ હેતુથી આજે રાધનપુર માં તિરંગા

યાત્રા યોજવામાં આવીછે. તિરંગા યાત્રામાં નગરપાલિકા પ્રમુખ ભાવનાબેન વિક્રમભાઈ જોશી અને રાધનપુર શહેર ભાજપ પ્રમુખ રાજુભાઈ ઠક્કર અને તાલુકા ભાજપ પ્રમુખ અજીતસિંહ પરમાર અને તાલુકા ભાજપ મંત્રી બેચરભાઈ ઠાકોર અને પ્રકાશભાઈ દક્ષિણ અને ડોક્ટર ગોવિંદજી ઠાકોર અને ગુલામભાઈ ઘાંચી બાંધકામ સમિતિ ચેરમેન નગરપાલિકા રાધનપુર અને નિલેશભાઈ રાજગોર અને ચીકાભાઈ રબારી નગરપાલિકા સદસ્ય અને, ખેતાજી ઠાકોર અને સંગઠનના પદાધિકારીઓ, વિવિધ સામાજિક ધાર્મિક સંસ્થાઓ, પોલીસ જવાનો ,હોમગાર્ડ્સ જવાનો, દરેક સમાજના અગ્રણીઓ, વ્યાપારીઓ અને શહેરીજનોજોડાયા હતા.

સીબીઆઈસીએ 'સન્ડે ઓન સાયકલ'ની ઉજવણી કરી - જીએસટીના ૮ વર્ષ પૂર્ણ થવાના ભાગ રૂપે એક ફિટનેસ અને જીએસટી જાગૃતિ પહેલ

કમલમ્,

GSTના આઠ વર્ષ પૂર્ણ થવાના ભાગરૂપે, સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ (CBIC)એFIT INDIA ચળવળ સાથે સંકલનમાં, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારાશરૂ કરાયેલ FIT INDIA ચળવળના નેજા હેઠળ "સન્ડેઝઓન સાયકલ"નામની રાષ્ટ્રવ્યાપી સાયક્લોથોનનું આયોજન કર્યું હતું. આ મુખ્ય કાર્યક્રમ આજે વહેલી સવારે નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ ખાતે યોજાયો હતો,જેમાં દેશભરના ૧૦૦થી વધુ CGST કમિશનરોપણ ભાગલઈ રહ્યા હતા. સાયક્લોથોનને લીલી ઝંડી આપતા, CBIC ના સભ્ય (GST) શ્રી શશાંક પ્રિયાએ ભારતીય કરવેરા પ્રણાલી પર GSTનાપરિવર્તનશીલ પ્રભાવપર પ્રકાશ પાડ્યોઅને ભાર મૂક્યોકે, કેવીરીતે GST એ લગભગ ૩૦ વિવિધ પરોક્ષ કરને એક જ, પારદર્શક કર માળખામાં એકીકૃત કર્યા છે, જેનાથી વ્યવસાયોઅને નાગરિકો બંને માટે કર વહીવટ અને પાલન સરળ બન્યું છે. શ્રી પ્રિયાએ સહભાગીઓને GST કમ્પોઝિશન સ્કીમ અને ક્વાર્ટરલી રિટર્ન મંથલી પેમેન્ટ (QRMP) સ્કીમ જેવી પહેલો દ્વારા નાના કરદાતાઓને મળતા નોંધપાત્ર લાભોવિશે પણ માહિતગાર કર્યા, જે પાલનનો બોજઘટાડે છે અને વ્યવસાય

કરવામાં સરળતાને પ્રોત્સાહન આપે છે. CGSTના મુંબઈ અને પુણે ઝોને શ્રી સુનિલ શેટ્ટી, શ્રી મિલિંદ સોમણ અને શ્રી જોનઅબ્રાહમ જેવાબોલિવૂડ સેલિબ્રિટીઓને પણ સામેલ કર્યા હતા.આ સાયક્લોથોનમાં દેશભરના ૫૦,૦૦૦થી વધુ સાયકલ સવારોએઉત્સાહભેર ભાગ લીધોહતો, જેમાં CBIC નાવરિષ્ઠ અધિકારીઓ-શ્રીરાજેશ સોઢી, પ્રિન્સિપલચીફ કમિશનર, CGST દિલ્હી ઝોન, શ્રી સીપી ગોયલ, પ્રો. ડાયરેક્ટર જનરલ ઓફ GST (DGGST), CBIC અને શ્રીમહેશ કુમાર રુસ્તગી, ડાયરેક્ટર જનરલ ઓફ ટેક્સપેયર સર્વિસીસ(DGTS), CBIC, વિવિધ મંત્રાલયો અને વિભાગોના પ્રતિનિધિઓ અને સામાન્ય જનતાનો સમાવેશ થાય છે.

કાર્યક્રમના સ્થળે, સહભાગીઓ સાથે જોડાવાઅને GST વિશેનાપ્રશ્નોનાજવાબ આપવા માટેએક સમર્પિત GST હેલ્પડેસ્ક "GST વિશે જાણો" બનાવવામાં આવ્યું હતું. સુલભતા અને આઉટરીચ વધારવા માટે, માહિતીપ્રદ માહિતીની વિશાળ શ્રેણી મુખ્ય GST વિષયોઅંગે જાણકારી આપતા બ્રોશરોનું વિતરણ કરવામાં આવ્યું હતું અને QR કોડથીસજ્જ ડિજિટલ કિઓસ્ક સમગ્ર સ્થળે વ્યૂહાત્મક રીતે મૂકવામાંઆવ્યા હતા. જેથી સહભાગીઓ GST સંસાધન સામગ્રીને સીધા તેમના મોબાઈલ ઉપકરણો પર સ્કેન અને ડાઉનલોડ કરી શકે. વધુમાં, મુખ્ય GST સુધારાઓઅને કરદાતા-કેન્દ્રિત પહેલો - ખાસ કરીને MSME, GST નોંધણી પ્રક્રિયા, વગેરે માટે સમર્થન - ને પ્રકાશિત કરતા વાઈબ્રન્ટ હોર્ડિંગ્સ અને બેનરો મુખ્ય રીતે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

એકસાથે, આ પ્રયાસોએ એક વ્યાપક અને આકર્ષકવાતાવરણ બનાવ્યું, જે જાહેર જોડાણ અને શિક્ષણ દ્વારા GST નેલોકોની નજીક લાવવાના CBICના વિઝન સાથે સુસંગત છે. આ સાયક્લોથોન જાહેર આરોગ્ય હિમાયતને કરદાતાઓની ભાગીદારી સાથેજોડતી વ્યાપકપહેલનો એક ભાગ છે. આ પહેલ નવીન અને સમાવિષ્ટ આઉટરીચ કાર્યક્રમો દ્વારા કરદાતાઓ અને સામાન્ય લોકો સાથેજોડાવાની CBICની પ્રતિબદ્ધતાનું વધુ એક ઉદાહરણ છે, જે રાષ્ટ્રીય આરોગ્ય લક્ષ્યો અને GST સુધારાની ચાલુ સફર બંનેની ઉજવણી કરે છે. કારણ કે ભારત આ સીમાચિહ્નરૂપ કર શાસન હેઠળ સફળ આઠ વર્ષ પૂર્ણ કરી રહ્યુંછે.

ડૉ. મનસુખ માંડવિયાએ ભારતની સ્પોર્ટિંગ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા ખેલો ઈન્ડિયા હેઠળ વાર્ષિક કેલેન્ડર શરૂ કર્યું

કોમનવેલ્થ ૨૦૩૦ અને ઓલિમ્પિક ગેમ્સ ૨૦૩૬ માટે ગ્રાસરૂટ સ્પર્ધાઓ, પ્રતિભા ઓળખ અને તૈયારીઓને વેગ આપવા માટે વર્ષભરનું વ્યૂહાત્મક સમયપત્રક

કમલમ્,

દેશભરમાં પાયાના સ્તરે રમતગમત અને રમતવીરોના વિકાસને મજબૂતબનાવવાના એક મહત્વપૂર્ણ પગલામાં, ભારત સરકારના યુવા બાબતો અને રમતગમતમંત્રાલય (MYAS) એ ખેલોઈન્ડિયા પહેલહેઠળ એક વ્યાપક વાર્ષિકકેલેન્ડર શરૂકર્યું છે. આ પ્રયાસ સરકારના એક માળખાગત, સમાવિષ્ટ અને સ્પર્ધાત્મક રમતગમત ઈકોસિસ્ટમના નિર્માણનાવિઝનને પ્રતિબિંબિત કરે છે, જે સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં યુવાનોને જોડે છે. આ પહેલ વિશે બોલતા, યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, "ખેલો ઈન્ડિયા વાર્ષિક કેલેન્ડર માત્ર એક સમયપત્રક નથી, પરંતુ તે ભારતને વૈશ્વિક રમતગમત પાવરહાઉસમાં રૂપાંતરિત કરવા માટે ભારતના સ્થાનિક સ્પર્ધા માળખાને મજબૂત બનાવતી વ્યૂહાત્મક બ્લુપ્રિન્ટ છે." ડૉ. માંડવિયાએ વધુમાંઉમેર્યું "છેલ્લા દાયકામાં, આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળ ભારતીય રમતોમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. અમે ખેલો ઈન્ડિયા પહેલ હેઠળ નિયમિત રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ સાથે ગતિશીલ અને સમાવિષ્ટ રમતગમત ઈકોસિસ્ટમ બનાવીછે. આ વિઝનને આગળ ધપાવતા, અમે ટૂંક સમયમાં સમગ્ર વર્ષ દરમિયાન ખેલો ઈન્ડિયા ગેમ્સ અને અન્ય સ્પર્ધાઓની શ્રેણી રજૂ કરીશું - જેમાં ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ (KIBG), ખેલો ઈન્ડિયા સ્કૂલ ગેમ્સ (KISG), ખેલો ઈન્ડિયા વોટર સ્પોર્ટ્સ, ખેલો ઈન્ડિયા નોર્થ-ઈસ્ટ ગેમ્સ જેવા ફોર્મેટનો સમાવેશ થાય છે. આ ઈવેન્ટ્સ ભારતની યુવા પ્રતિભાને ઓળખવા,તેને ઉછેરવાઅને તૈયાર કરવામાં મહત્વપૂર્ણરહેશે. સંરચિત સ્પર્ધાઓ, આખું વર્ષ જોડાણ અને સમગ્ર ભારતમાં ભાગીદારી દ્વારા, અમે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ અનેઓલિમ્પિક ગેમ્સ ૨૦૩૬ માટે તૈયારી કરીરહ્યાછીએ.ત્યારે સતત રમતગમત શ્રેષ્ઠતા માટે પાયો બનાવીરહ્યા છીએ. ભારત આગળ વધી રહ્યું છે, અને યુવાનો આ રમતગમત ક્રાંતિના કેન્દ્રમાં છે."

ખેલોઈન્ડિયાપ્લેટફોર્મમાં પહેલાથી જ ચાર સંગઠિત રાષ્ટ્રીય સ્તરની રમતોનો સમાવેશ થાય છે, જેમ કે ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ, ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ, ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ અને ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ, જેને ખૂબ સફળતા મળી છે. આ ઈવેન્ટ્સ સંબંધિત રાષ્ટ્રીય રમતગમત ફેડરેશન (NSF) સાથે સહયોગથીયોજવામાં આવેછે, જે આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર તકનીકીઆચરણ સુનિશ્ચિતકરે છે. સ્પષ્ટ ફીડર માર્ગોઅને માળખાગત આયોજનસાથે, આ રમતો પ્રતિભા ઓળખ અને લાંબા ગાળાના રમતવીર વિકાસ માટે મુખ્ય પ્લેટફોર્મ તરીકે કાર્ય કરે છે. આ મજબૂત પાયાપર નિર્માણ કરીને, મંત્રાલય હવે ખેલો ઈન્ડિયા છત્રનો વિસ્તાર કરીરહ્યુંછે. જેથી ભારતના વિવિધ પ્રદેશોની વણખેડાયેલી ક્ષમતાઓને ઉજાગર કરવા અને દેશના વિશાળ અને વૈવિધ્યસભર પ્રતિભા પૂલને આગળ લાવવાનો ઉદ્દેશ્ય ધરાવતા વધુ કાર્યક્રમોનો સમાવેશથાય. આ વધારાની રમતો માત્ર પાયાના સ્તરે રમતગમતને પ્રોત્સાહન આપશે નહીં, પરંતુ રાષ્ટ્રીય રમતગમત પ્લેટફોર્મમાં ઐતિહાસિક રીતેઓછું પ્રતિનિધિત્વ ધરાવતા શિસ્ત અને સમુદાયોને પણ દૃશ્યતા આપશે ખેલો ઈન્ડિયા સ્કૂલ ગેમ્સ (KISG) પર ખાસ ધ્યાન આપવામાંઆવી રહ્યુંછે, જે એક સ્તરીય માળખાને અનુસરશે, જે જિલ્લા સ્તરથી શરૂ થશે, રાજ્ય સ્તર સુધીજશે અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં પરિણમશે. આ માળખું યુવા અને ઉભરતા રમતવીરોને પ્રારંભિક એક્સપોઝરપ્રદાન કરવા માટે રચાયેલ છે, જે તેમને આંતરરાષ્ટ્રીય રમતગમત સ્પર્ધાઓના ધોરણોને પ્રતિબિંબિત કરતી માળખાગત, ઉચ્ચ-ગુણવત્તાવાળી ઈવેન્ટ્સમાં ભાગ લેવાના અનુભવમાટે તૈયારકરે છે. ખેલો ઈન્ડિયા માર્શલ આર્ટ ગેમ્સ, ખેલો ઈન્ડિયાટ્રાઈબલ ગેમ્સ અને ખેલો ઈન્ડિયા સ્વદેશી ગેમ્સ જેવી ઈવેન્ટ્સના સમાવેશનો હેતુ સ્વદેશી અને પરંપરાગત માર્શલ આર્ટ્સને મુખ્ય પ્રવાહમાં લાવવાનો છે. આમાંની ઘણી રમતો, જેમ કે એશિયન ગેમ્સમાં દર્શાવવામાં આવેલી રમતો, ઊંડા સાંસ્કૃતિક મૂળ અને મજબૂત અનુયાયીઓ ધરાવે છે, અને હવે તેમને વ્યાપક માન્યતા અને વિકાસ માટે રાષ્ટ્રીય પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવી રહ્યું છે. સફળ અમલીકરણ અને લાંબા ગાળાની અસર સુનિશ્ચિત કરવા માટે, દરેક ખેલોઈન્ડિયા ઈવેન્ટમાં સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત યજમાન રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશો હશે. આ અભિગમ સ્થાનિક રમતગમતના માળખાને મજબૂત બનાવવામાં, ક્ષમતા નિર્માણને પ્રોત્સાહન આપવામાં અને ભવિષ્યમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતગમત કાર્યક્રમોનું આયોજન કરવા માટે પ્રદેશોને તૈયાર કરવામાં મદદ કરશે. વધુમાં, આ ઈવેન્ટ્સ રમતગમત પ્રવાસનને વધારવાએને સ્થાનિક અર્થતંત્રમાં યોગદાન આપવાની અપેક્ષા રાખે છે. ચાલુ રમતગમત વર્ષમાં ત્રણ મુખ્ય ઈવેન્ટ્સ સફળતાપૂર્વક પૂર્ણથઈચૂકી છે. ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૫માં જમ્મુઅને કાશ્મીર અને ગુલમર્ગમાં યોજાઈ હતી. ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ માર્ચ-એપ્રિલ ૨૦૨૫માં દિલ્હીમાં યોજાઈ હતી, અને ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ મે ૨૦૨૫માં બિહારમાં ઉત્સાહપૂર્વક યોજાઈ હતી, જેનાથી ભારતના રમતગમતના ક્ષેત્રમાં રાજ્યની વધતી હાજરીને મજબૂતી મળી હતી. ત્રણેય ઈવેન્ટ્સમાં મજબૂત ભાગીદારી મળી હતી અને ખેલો ઈન્ડિયાની સમાવિષ્ટ અને વિસ્તરતી પહોંચદર્શાવવામાં આવી હતી. આ ગતિમાં વધારો કરતાં, ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ (KIBG) નીપ્રથમ આવૃત્તિ ૧૯ થી ૨૫ મે ૨૦૨૫ દરમિયાન દીવમાં યોજાવાની છે. આ સીમાચિહ્નરૂપ ઘટના દરિયાકાંઠા અને બીચ રમતો તરફ રાષ્ટ્રીય ધ્યાન આકર્ષિત કરશે, જે એક અનોખું સ્પર્ધાત્મક પ્લેટફોર્મ પ્રદાન કરશે અને સાથે સાથે પ્રદેશની પ્રવાસન ક્ષમતાને પણ ઉજાગર કરશે. વર્ષના બાકીના સમય માટેના કેલેન્ડરમાં ઘણી મોટી ઈવેન્ટ્સનો સમાવેશ થાય છે, જેમ કે ખેલો ઈન્ડિયા સ્કૂલ ગેમ્સ (ઓગસ્ટથી ડિસેમ્બર),ખેલોઈન્ડિયાયુનિવર્સિટી ગેમ્સ (માર્ચ-એપ્રિલ),વોટર સ્પોર્ટ્સ અને નોર્થ-ઈસ્ટ ગેમ્સ (મે-જૂન), ટ્રાઈબલ ગેમ્સ (છત્તીસગઢમાં સપ્ટેમ્બર), અને સ્વદેશી અને માર્શલ આર્ટ ગેમ્સ (તામિલનાડુ અને આંધ્રપ્રદેશમાં જુલાઈ-ઓગસ્ટ). ફિટ ઈન્ડિયા કાર્નિવલ (ફેબ્રુઆરી, દિલ્હી), અસ્મિતા લીગ અને પીસ એન્ડ ડેવલપમેન્ટ લીગ પ્રવૃત્તિઓ જેવી પૂરક પહેલ પણ સમગ્ર વર્ષ દરમિયાન દેશભરમાં ચાલશે. આ કાળજીપૂર્વક રચાયેલ, પુરાવા-આધારિત કેલેન્ડર ભૂતકાળના અનુભવોમાંથી લેવામાં આવ્યું છે અને એકંદર આયોજન અને અસરકારકતા સુધારવા માટે મોસમી, પ્રાદેશિક અને રમતગમત-વિશિષ્ટ પરિબળોનો સમાવેશ કરે છે. તે પ્રાયોજકોને વધુ દૃશ્યતા પ્રદાન કરવા, મીડિયા જોડાણ આકર્ષવા અને પ્રવાસન અને યુવા ગતિશીલતા માટે તકો બનાવવા માટે પણ રચાયેલ છે. આ કાર્યક્રમોનું આયોજન કરવામાં રસ દર્શાવવા માટે રાજ્યોનો સંપર્ક કરવામાં આવશે અને બહુ-ઈવેન્ટ હોસ્ટિંગને સુવ્યવસ્થિત કરવા માટે એક સામાન્ય દરખાસ્ત પદ્ધતિ વિકસાવવામાં આવી રહી છે. આ વિસ્તૃત અને સંરચિત અભિગમ દ્વારા, યુવા બાબતોઅને રમતગમત મંત્રાલયએક ફિટ, સ્પર્ધાત્મક અને વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત રમતગમત રાષ્ટ્ર બનાવવાના તેના વિઝનને ફરીથી સમર્થન આપવાનું ચાલુરાખે છે. જે દરેક યુવા ખેલાડીને મોટા સપના જોવા, સખત તાલીમ લેવાની અને વિશ્વ મંચ પર ગર્વથી ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તક આપેછે.

ગોઝારીયા ખાતે કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિત શાહની ઉપસ્થિતિમાં શ્રી કે.કે.પટેલ અને શ્રીમતી મધુબેન પટેલ નર્સિંગ કોલેજ ઉદ્ઘાટન સમારોહ યોજાયો

દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાષ્ટ્રના નાગરિકોની આરોગ્ય સેવાઓ સુદ્રઢ બને તે દિશામાં વર્ષ ૨૦૧૪થી આમૂલચૂલ પરિવર્તન કર્યું છે

કમલમ્,મહેસાણા,
મહેસાણા જિલ્લાના ગોઝારીયા ખાતે શ્રીમતી સમરથબેન ચુનિલાલઅને શેઠશ્રી ડોસાભાઈ માધવજી સાર્વજનિક હૉસ્પિટલ ગોઝારીયાદ્વારા સંચાલિત શ્રીકે.કે.પટેલઅનેશ્રીમતી મધુબેન પટેલ નર્સિંગ કોલેજ ઉદ્ઘાટન સમારોહ કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતશાહના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહેજણાવ્યું હતુંકે, દેશના યશસ્વીપ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રના નાગરિકોની આરોગ્ય સેવાઓ સુદ્રઢ બને તે દિશામાં વર્ષ ૨૦૧૪થી આમૂલચૂલપરિવર્તન કર્યું છે, તેમણે ઉમેર્યું હતું કે,દેશના ૬૦ કરોડ નાગરિકોને ૦૫ લાખના આયુષ્માન કાર્ડ થકી આરોગ્યની સુલભ સેવાઓ મળી રહી છે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યુંહતું કે, પોષણ અભિયાન, સ્વચ્છભારત મિશન, ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ, હર ઘર જલ, ઘર ઘર શૌચાલય, મિશન ઈન્દ્રધનુષ, આયુષ્યમાન ભારત જેવી અનેકવિધ યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકોને મળીરહ્યોછે, તેમણે જણાવ્યુ હતુ કે, દેશના પ્રધાનમંત્રીશ્રીનાનેતૃત્વમાં આરોગ્ય સેવાઓ વધુ સારીરીતે મળી રહે તે માટે ભૂતકાળમાં ૩૭ હજાર કરોડના બજેટથી વધારીઆજે ૦૧ લાખ ૩૭ હજાર કરોડની રકમ માત્ર આરોગ્યની સુખાકારી માટે આપીછે. શ્રીશાહે જણાવ્યુંહતું કે, દેશમાં નેશનલ ડિજિટલ હેલ્થ ઈકો સીસ્ટમ, આયુષ્માન મંદિરથી આરોગ્યની સુખાકારીમાં વધારો થયોછે, જેમાં૦૭ એઈમ્સથી આજે ૨૩ એઈમ્સ, મેડિકલ કોલેજમાં ૩૮૭ થી ૭૮૦ કોલેજો થઈ છે જેનાથી ભુતકાળમાં ૫૧ હજાર ડોક્ટરો પદવી મેળવતા હતા આજે ૧,૧૮,૦૦૦ ડોક્ટરોદેશને મળી રહ્યા છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર ઈકો સીસ્ટમ ક્ષેત્રે ટેલી મેડિસિન સુવિધામાં વધારો થયો છે, તેમજ છેલ્લા ૧૦ વર્ષમા જન ઔષધિ કેન્દ્રથી ૨૫ હજાર કરોડ રૂપિયાની દવાઓ દેશના નાગરિકોને મળી છે. આ તકે દેશના ૧૩૦ કરોડ નાગરિકોના સ્વાસ્થ્ય માટે ખૂબ મોટુ અભિયાન સરકાર દ્વારા ચલાવવું છે તેમ જણાવી તેમણે આપણા પૂર્વજોએ બનાવેલ હૉસ્પિટલોને આધુનિક હૉસ્પિટલો બને તે જવાબદારી સમાજની છે તે માટે સૌને અનુરોધ કર્યોહતો. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, આજે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં સખાવતથી ચાલતી હોસ્પિટલોને આયુષ્માનમાન ભારત યોજનાથી ચાલક બળ મળ્યુંછે,જેનાથી સમાજ વ્યવસ્થા જીવંત બની છે. ગોઝારીયા ખાતે આ પ્રકારના નવીન પ્રકલ્પથીઆજુબાજુના ૫૦ થી વધુ ગામડાના નાગરિકોને સેવાઓ મળી રહી છે જે ઐશ્વર્ય કાર્ય છે. આ પ્રસંગે સાંસદશ્રી હરિભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે ગોઝારીયા માટે ગૌરવશાળી ક્ષણ છે. રાજ્યથી રાષ્ટ્રનો વિકાસ યશશ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકારિતા મંત્રી શ્રી અમિત ભાઈશાહને આભારી છે, જેનાથી આજે દેશ દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યો છે, કાર્યક્રમમાં કાંકરોલીનરેશ પરમપૂજ્ય ૧૦૮ ડૉ.વાગીશકુમારે આશિર્વચન પાઠવ્યાહતા અનેપ્રાસંગિક પ્રવચન કરી દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો, આ પ્રસંગે કેન્દ્રિય ગૃહમંત્રીશ્રીસહિત મહાનુંભાવોના હસ્તે દાતાશ્રીઓનું સ્વાગતસન્માન કરવામાંઆવ્યું હતું. તેમજ કેન્દ્રિય ગૃહમંત્રીશ્રીનું ટ્રસ્ટ-ગ્રામજનો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આ હોસ્પિટલ દ્વારા સર્જીકલ વિભાગ, ગાયનેક વિભાગ,મેડીસીન વિભાગ,ઓર્થોપેડીક વિભાગ,આંખ વિભાગ,બાળ વિભાગ,દાંત વિભાગ, ફિઝીયોથેરાપી વિભાગ, કિડની ડાયાલિસીસ સેન્ટર સહિત માનદ વિઝીટીંગ સેવાઓમાં ઈએનટી, સ્કીન, માનસિક, સોનોગ્રાફી, ગેસ્ટ્રોલોજી, ઈકો, નેફ્રોલોજી, ન્યુરો ફિઝીશીયન, પર્મોલોજી સહિતની સેવાઓ આપવામાં આવેછે. આ ટ્રસ્ટ દ્વારા ઉચ્ચકક્ષાની ગુણવત્તાયુક્ત તબીબી સારવારકેન્દ્રબનાવીનવીનટેકનોલોજી અનેમાનવીયઅભિગમથીસામાન્ય માનવીને મદદરૂપ થવાની ખેવના છે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ તૃષાબેન પટેલ,સાંસદશ્રી ભરતસિંહ ડાભી,, ધારાસભ્ય સર્વેશ્રી મુકેશભાઈ પટેલ, જે.એસ.પટેલ, જિલ્લા કલેક્ટરશ્રી એસ. કે. પ્રજાપતિ, અગ્રણીશ્રી ગીરીશભાઈ રાજગોર, પદ્મ શ્રી કરશન પટેલ, સ્થાપક ટ્રસ્ટીશ્રી સતીષભાઈ શાહ, ટ્રસ્ટના હોદ્દેદારો શ્રી કે.કે.પટેલ, શ્રી બહેચરભાઈ પટેલ, શ્રી ભીખાભાઈ પટેલ, રાજેન્દ્રભાઈ પટેલ, શોભનાબેન શાહ, નાથાલાલ પટેલ સહિત ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યશ્રીઓ તેમજ હોસ્પિટલપરીવાર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાંસાણંદ ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

ભારતીય સેનાના સાહસ, શૌર્ય અને પરાક્રમ 'ઓપરેશન સિંદૂર' ને બિરદાવતી તિરંગા યાત્રામાં કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી થયા સહભાગી

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિ

કમલમ્,
ભારતીય સેનાના અપ્રતિમ સાહસ, શૌર્ય અને પરાક્રમ 'ઓપરેશન સિંદૂર'ને બિરદાવવા દેશભરમાં તિરંગાયાત્રાઓ યોજાઈ રહી છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં અમદાવાદના સાણંદ ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. ગૃહ રાજ્યમંત્રી શ્રીહર્ષ સંઘવી પણ આ તિરંગા યાત્રામાં જોડાયા હતા. તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવતા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે નળ સરોવર ચોકડીથી એકલિંગજી રોડ પર આવેલા મહારાણા પ્રતાપ સ્ટેચ્યૂ સુધી પદયાત્રા કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ યુવાનો અને ગ્રામજનોના ઉત્સાહને આવકાર્યો હતો. તિરંગા યાત્રામાં અમદાવાદ જિલ્લાના પ્રાથમિક અને માધ્યમિક વિભાગના શિક્ષકો તથા અધિકારીઓ/કર્મચારીઓ ૬૮૦ મીટર લાંબા ધ્વજ સાથે જોડાયા હતા. આ ઉપરાંત, મોટી સંખ્યામાં સાણંદ અને આસપાસના વિસ્તારોના પ્રજાજનો, સામાજિક અને રાજકીય અગ્રણીઓએ તિરંગા યાત્રામાં ઉત્સાહભેર સહભાગી થઈને ભારત માતાના જયઘોષથી વાતાવરણને જીવંત બનાવ્યું હતું તથાભારતીય સેનાના સાહસ અને શૌર્યનેવધાવ્યું હતું. તિરંગા યાત્રામાં સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, દસ્ક્રોઈના ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ, ધોળકાના ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી, ધંધુકાના ધારાસભ્ય શ્રી કાળુભાઈ ડાભી, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી કંચનબા વાઘેલા, જિલ્લા કલેક્ટર શ્રી સુજીત કુમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, રાજકીય અગ્રણી શ્રી શૈલેષભાઈ દાવડા, શ્રી હર્ષદગિરિ ગોસ્વામી, જિલ્લા અને તાલુકા વહીવટી તંત્ર અને પોલીસ તંત્રના પદાધિકારીઓ, અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિતરહ્યા હતા.

ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં ૭૩ વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક અને રજતચંદ્રક તેમજ ૧૬૬૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ

કમલમ્,
સિધ્ધપુર ખાતે કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતતેમજ પદ્મભૂષણ શ્રી પંકજભાઈ પટેલ - ચેરમેન, ઝાયડ્સ લાઈફ સાયન્સ અને શ્રી મનોજકુમારદાસ - અધિક મુખ્ય સચિવ (ગૃહ વિભાગ)ની ઉપસ્થિતિમાં ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીનો " પાંચમું દીક્ષાંત"સમારોહ યોજાયો. ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં ૭૩ વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક અને રજતચંદ્રક તેમજ ૧૬૬૦ વિદ્યાર્થીઓને પદવીએનાયત કરાઈ. વ્યક્તિ અને સમાજનાં સર્વાંગી વિકાસમાં શિક્ષણની ભૂમિકાનું મહત્વ સમજતા તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે શિક્ષણક્ષેત્રે સતત નવા સુધારાઓ, નવી પહેલોને અમલી બનાવી શૈક્ષણિક સુવિધાઓના સતત અધ્યતનીકરણ અને વિસ્તરણની પ્રક્રિયા પર ભાર મુક્યો હતો. જે પરંપરા વર્તમાન મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર ભાઈ પટેલજીના માર્ગદર્શનમાં ગુજરાત સરકારસશક્ત રીતે આગળ ધપાવી રહી છે. દીક્ષાંત સમારોહ વિદ્યાર્થીઓ માટે નવજીવનના સૂર્યોદયનો પ્રસંગ ગણાય. દેશના યુવાનો જો સંકલ્પઅને કૌશલ્યબળથી એક વિઝન સાથેસાચી દિશામાં આગળ વધે તો ભારતને આગળ વધતું કોઈ રોકી શકે નહિ.

આ પદવીદાન સમારોહમાં ડૉ. રાવ - પ્રોવાસ્ટ, ડૉ. એસ.પી સિંગ - ડાયરેક્ટર જનરલ - કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી, શ્રી હેમુજી રાજપૂત - રજીસ્ટ્રાર, અનિતાબેન પટેલ-નગરપાલિકાપ્રમુખ, શ્રી સુનિલભાઈ જોશી, શ્રીનલિનભાઈ ઠાકર, શ્રી વસંતભાઈ નાઈ - પોલીસ અધિક્ષક, શ્રી પંડ્યાજી - ડી.વાય.એસ.પી., શ્રી જે.બી આચાર્ય - પોલીસ ઈન્સ્પેક્ટર, યુનિવર્સિટીના વિવિધ વિભાગોના ડીન, ફેકલ્ટી, સભ્યો, પદાધિકારીઓ, સહિતવિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાહતા.

મિશન હોસ્પિટલ-અઠવાગેટ ખાતે 'કાંગારૂ મધરકેર: નર્સીસની ભૂમિકા' વિષય પર વર્કશોપ યોજાયો

કમલમ્,સુરત
૧૫ મે- આંતરરાષ્ટ્રીય કાંગારૂ મધર કેર જાગૃતિ દિવસના ઉપલક્ષ્યમાં KMC ફાઉન્ડેશન-ઈન્ડિયા, નેશનલ નિઓનેટોલોજી ગુજરાત ચેપ્ટર સ્ટેટ (એઓપી)-સુરત, પીડિયાટ્રીક એસોસિએશન અનેચેરિટેબલ ટ્રસ્ટ (SPACT)-સુરતના સંયુકત ઉપક્રમે મિશન હોસ્પિટલ-અઠવાગેટ ખાતે 'કાંગારૂ મધરકેર: નર્સીસનીભૂમિકા' વિષય પર વર્કશોપ યોજાયો હતો. જેમાં નવજાત બાળક અને પ્રસૂતા માતા સાથે સતત જોડાયેલ રહેતા, દિનરાત સંભાળ રાખતા, માતા અનેબાળકને સ્વસ્થરાખવામાં મોટું યોગદાન આપતા નર્સિસ અને નિયોનેટોલોજીસ્ટનેકાંગારૂ મધરકેર વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે NNF ગુજરાત ચેપ્ટરના પ્રમુખ ડૉ. નિર્મલ ચોરારિયાએ જણાવ્યુંહતું કે, દર વર્ષે ભારતમાં ૨ કરોડ ૭૦ લાખ બાળકોજન્મે છે. જે પૈકી ૭૬ લાખ બાળકો ઓછા વજન સાથે જન્મે છે. જન્મ સમયે ૨.૫૦ કિલોગ્રામ થી ઓછું વજન ધરાવતા બાળકને લો બર્થ વેઈટ(ઓછા વજનનું બાળક) કહે છે, જયારે મા ના ગર્ભમાં ૩૭ સપ્તાહ પૂર્ણ થાય એ પહેલાં જન્મ લેનાર બાળકને પ્રિમેચ્યોર બેબી કહે છે. ઓછા વજન સાથે જન્મેલા બાળકોને 'કાંગારૂ મધરકેર (કેએમસી) થેરાપી' અકસીર સાબિત થાય છે. જેવી રીતે કાંગારૂ તેના બચ્ચાને કોથળીમાં રાખી ઉછેરે છે, તેવી જ રીતેનવજાત શિશુને માતાની છાતી સાથે વળગાડી રાખવાથી હૂંફ મળવાની સાથે સાથે યોગ્ય શારીરિક અને માનસિક વિકાસ થાય છે. જેમાં માતા અને નવજાત બાળકની ત્વચા એકબીજાને સ્પર્શે છે. બેબીનું વજન વધારવા માટે બેબીના માતા, પિતા કે પરિવારના મહિલા સભ્યોના આલિંગન સાથે સ્પર્શ કરાવીને બાળકોને ટ્રીટમેન્ટ કરવામાં આવે છે. માતાના શરીરમાં સંપર્કમાં આવતા બાળકો ખૂબ ઓછું રડે છે. બાળક અને માતાની સંવેદના અને માવજત સાથેનું ભાવનાત્મક જોડાણ ખૂબ મજબૂતબને છે.ઉપરાંત, પ્રિમેચ્યોર બેબીઓમાંમૃત્યુદર ઘટેછે. અકાળે જન્મેલા અને ઓછા વજનવાળા શિશુઓને કાંગારુ મધરકેર આપવાથીહાયપોથર્મિયા (શરીરનું નીચુંતાપમાન) અને ચેપનું જોખમ ઘટે છે.વજન, લંબાઈ અને માથાના પરિઘમાં વધારો ઝડપથી થાય છે. ન્યુરોમોટોર અને માનસિક વિકાસ સુધરેછે. એમડો.ચોરારિયાએ કહ્યું હતું. ડૉ. ચોરારિયાએ ઉમેર્યું કે, મધર-ન્યુબોર્ન કેર યુનિટ્સ (MNCUs)માંદાખલ બાળકને આ ટ્રીટમેન્ટ આપવાથી હોસ્પિટલ સ્ટ ઓછો થવાથી બાળકના પરિવારને આર્થિક ભારણ ઓછું થાય છે. ચેપ ન લાગે એટલે સાબુ અને સેનીટાઈઝરથી હાથ સ્વચ્છ રાખવા અને છ મહિના સુધી ફક્ત માતાનું દૂધ આપવામાં આવે જે પોષણ અને રોગપ્રતિકારક શક્તિ માટે જરૂરી છે. KMC ફાઉન્ડેશનના પ્રમુખ શશી વાનીએ જણાવ્યું હતું કે, ભારતમાંસૌપ્રથમ ગુજરાતના અમદાવાદમાં ૪૦ વર્ષ પહેલાં કાંગારૂ મધરકેર યુનિટ શરૂ કરવામાં આવ્યું હતું. કાંગારૂ મધરકેરમાં માતા અથવા પિતાનો સ્પર્શ પણ બાળક માટે સંજીવની સમાન બને છે. જેમાં માતાદ્વારા સ્તનપાન થકી શિશુને વારંવારઅને ફક્ત માતાનું દૂધ આપવામાં આવે છે, જે પોષણ અને રોગપ્રતિકારક શક્તિ માટે મહત્વપૂર્ણ છે. ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાએ આગામી ૩૦ જૂને શહેરની તમામ હોસ્પિટલોમાં કાર્યરત નર્સિસ માટે તંદુરસ્ત બાળકના જન્મ માટે નર્સિસની મહત્વપૂર્ણ ભૂમિકા વિષે સેમિનાર યોજાનાર હોવાની વિગતો આપી હતી. નોંધનીય છે કે, કાંગારૂ મધરકેર પદ્ધતિની શરૂઆત ૧૯૭૮માંકોલમ્બિયાના બોગોટા માં ડૉ. એડગર રે સનાબ્રિયા અને ડૉ. હેક્ટર માર્ટિનેઝે કરી હતી, જ્યારે ઈન્ક્યુબેટરની અછત હતી. ભારતમાં ૧૯૮૩માં અમદાવાદ બી.જે. મેડિકલ કોલેજમાં શરૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે KMC ફાઉન્ડેશનના પ્રમુખ શશી વાની, સેક્રેટરી પરાગ ડગલી, સેક્રેટરી ડૉ. કુણાલ આહિયા, SPACT ના પ્રમુખ ફાલ્ગુન શાહ, SPACT સેક્રેટરી અને વર્કશોપના કોર્ડીનેટર ડૉ.અશ્વિની શાહ, ઈન્ડિયન મેડિકલ એસો.-સુરતના પ્રમુખ ડૉ.સી.બી.પટેલ, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, ટી એન્ડ ટી વી નર્સિંગ કોલેજના આચાર્ય કિરણ દોમડીયા સહિત સરકારી અનેખાનગીહોસ્પિટલમાં બાળવિભાગમાં કામ કરતા ૧૦૦ જેટલી નર્સિસ, તબીબો ઉપસ્થિત રહ્યાહતા.